મનુષ્ય નામેમાં સાચો મનુષ્ય અમને દેખાય છે અમને લખતા નથી આવડતું વધારે લખશું તો અમને 'ગધેડા નામે' કહી ખખડાવી નાંખશે માટે તેમના વિષે વાતો નથી લખતા પણ તેમની બુધ્ધિનો ઉપયોગ જો સરકાર કરે તો સરકાર ગુજરાત અને સુરતને ફાયદો છે. આપણા લોકશાહીની આ તો કમનસીબી છે. ઉકાઇ ડેમનાં પાણી છોડવા બાબતે કેશુભાઇની સલાહ છેલ્લી લેવાય છે. કેશુભાઇ ૪ ધોરણ ભણ્યા છે



પરંતુ કયાંય દંભ વચ્ચે- પબ્લીસીટીની વાત આવે તો તેમને બે મિનિટ સાથે બેસવા ના મળે. પૈસાની તો વાત કરાય નહિ પૈસાથી તેમની સલાહ ખરીદી શકાતી નથી. સાચા અર્થમાં સાચ્ચો માણસ છે. બહારથી સમય પાલનમાં માનનાર. રિઝર્વ રહેનાર વિદ્યાર્થી કે સાચી મફત સલાહ લેનાર માટે તે સાવ સામાન્ય માણસ છે. આ માણસ જો પૈસાને મહત્ત્વ આપતો હોત તો તે આજે સુરતમાં હેલિકોપ્ટરમાં ફરે તેટલો રૂપિયો હોત.

અને વતન ગુજરાત માટેની તેમની લાગણી છોડી બહારની દુનિયામાં વસ્યા હોત તો પોતાનું પ્લેન હોત આજે પણ ઇન્ટરનેશનલ બુકમાં તેમનું સજેશન ફાઇનલ કહેવાય છે. પરંતુ તેમની ગુજરાતી દેશપ્રેમ તેમને પૈસા કરતા જોબ સેટીસફેકશનમાં સુખ વધારે આપે છે. આજે દર વર્ષે જે કામ કરી શકે છે જે શારિરીક સુખ છે. પાન જ સુખી છે તેમના સ્કુટર પર તેમને જે સંતોષ છે, સુખ છે, ખુશી છે. તે તેમને વિમાનમાં મળે તેમ નથી. આજે પણ તેઓ સામાન્ય સ્કુટર પર જ ફરે છે.

અફસોસ એ છે કે એ જેટલો સુરત, ગુજરાત કે દેશને પ્રેમ કરે છે અને તેના કારણે બધા ભૌતિક સુખ પૈસા જતા કરે છે તેવા સંતનું આજે આપણે ગૌરવ નથી કરતા કારણ કે સુરત તો મનીમાઇન્ડેડ શહેર બની ગયું છે. F.S.I. વધારે લાવનાર એન્જિનયરનું મહત્વ આજે વધારે છે. લેભાગુ ચાલુ ઇજનેરો સુરતમાં ચાલે છે. અને આવે પણ ખરા આવા ઇજનેર અને બિલ્ડર બન્ને કરોડપતિ બની શકે છે. તમે એમ.ડી. દેસાઇને રોકો તો તે માટે સાથે કામ કરવું પડે, કડવુ, સત્ય સાંભળવું પડે અને સુરતને નુકશાન થતું હોય તો પ્રોજેકટ પડતો મૂકવો પડે તેમના કારણે ! તેવા લોકો માટે સરકાર સામે પોતાનાં પૈસે લડી લો. તેઓ પ્રસિધ્ધીથીં દૂર રહ્યા છે. રાજકારણની વાત તો તેમની સામે કરાય જ નહિ.

એમને જેટલા એવોર્ડ મળ્યા છે. તેમણે જેટલા પેપર્સ તૈયાર કર્યા છે. જેટલા પ્રોજેકટ પૂરા કરવા સહાય કરી છે. વિ. વિ. તેમનું લખીએ તો અમારે આવતી દિવાળી સુધી તેમના અંક આપ્યા કરવા પડે.

અમારા જેવા ઘણાં શિષ્યો તેમના હાથ નીચે ભણ્યા તેનો ગૌરવ છે.

મનુષ્ય નામેમાં સાચો મનુષ્ય અમને દેખાય છે અમને લખતા નથી આવડતું વધારે લખશું તો અમને 'ગધેડા નામે' કહી ખખડાવી નાંખશે માટે તેમના વિષે વાતો નથી લખતા પણ તેમની બુધ્ધિનો ઉપયોગ જો સરકાર કરે તો સરકાર ગુજરાત અને સુરતને ફાયદો છે. આપણા લોકશાહીની આ તો કમનસીબી છે. ઉકાઇ ડેમનાં પાણી છોડવા બાબતે કેશુભાઇની સલાહ છેલ્લી લેવાય છે. કેશુભાઇ ૪ ધોરણ ભણ્યા છે. ન્હાવામાં કેટલી ડોલ છોડવી તેનો ખ્યાલ નથી તેવાનાં નિર્ણય પર આખા સુરતને નસીબ પર છોડાય છે જયારે સુરતમાં વસતા

**ડો.એમ.ડી.દેસાઇ છેક ૧૯૭૬થી કહેતા રહ્યા છે કે વરસાદને કારણે શહેરના કયા વિસ્તારોમાં પાણી ભરાય જાય છે તેની મોજણી થવી જોઇએ. આ પાણીના નિકાલની વ્યવસ્થા પણ વિચારવી જ પડે. ઉકાઇમાં જ જનરેટર ચાલે છે તેને ચલાવવા માટે પાણી છોડતા તે કાકરાપાર થઇને સુરત આવે છે**



એમ.જી. દેસાઇ જેવા વિદ્વાન ઉકાઇ ડેમ કરતા અમે તેમાં રહેવા પાણી કે ડેમના દરવાજા કરતા વધુ જ્ઞાન ધરાવનારની સલાહ નથી લેવાતી !

એમ.ડી. દેસાઇની સલાહ લેવાથી લોકોને ફાયદો થાય. એમ.ડી. દેસાઇ તો પોતાના પૈસે લોકો માટે દોડશે, એકદમ સત્ય હકીકત કહેશે.

તો રાજકારણીઓના ભવિષ્યનું શું ? રાજકારણી તો વિચારે પરંતુ સુરતનાં લોકોએ વિચારવું જોઇએ. કહેવાતી સેવાભાવી કે સાચી સેવાભાવી સંસ્થાઓએ ખોટી સેવા કરવાનાં નામે રૂપિયા ખર્ચે છે. તેના બદલે આવનાર નિસ્વાર્થ માણસની સેવા લેવી જોઇએ. હા એ ખરુ કે તેઓ સારુ કરશે. કોઇને મોટી પબ્લીસીટી નહિ મળે. રાજકારણીઓને આવવા નહિ મળે પણ સુરતનું ૧૦૦% નુકશાન નહિ તમે સુરતીઓ વિચારો.

આખી દુનિયા જે વ્યકિતનું સન્માન કરે તેનું સન્માન અમે નથી કરતાં તેનુ તેમને અફસોસ નથી કદાચ એવો તેમને વિચાર નહિં આવતો હોય પરંતુ આપણે તો વિચારો.

તેમના માટે નહિ આપણા ભલા માટે સુખ માટે તેમનો લાભ લો જે મફતમાં મળે છે. કારણ કે તે લોકોના ભલા માટે કંઇ પણ કરશે જ !!

આપણી કમનસીબી છે. આપણા મહાન વૈજ્ઞાનિકો કે સ્કોલરનો લાભ વિદેશ જ ઉઠાવે છે. આવા હિરાને જે આપણી વચ્ચે છે તેણે જાણે હિરાનાં શહેરને આની જાણ હોવી જોઇએ.

ચાલો ડો.એમ.ડી.દેસાઇની સિધ્ધિઓ તો જોઇ લીધી. હવે તેમનાં વિચારો પણ જાણી લઇએ ડો. દેસાઇ સુરત શહેરના બિસ્માર માર્ગો, ઢંગધડા વગરની ટાઉન પ્લાનીંગ સ્કીમો બાબતે અસંતોષ વ્યકત કરે છે તેઓ કહે છે, સુરત શહેરની એક દિશામાં ૨૦ ફુટ ઉંચો રેલ્વે લાઇનનો પાળો છે બીજી તરફ તાપી કાંઠાનો ૨૦ ફુટ ઉંચો પાળો છે અને ઉધનાની દિશામાં મગદલ્લા જતી તાપીની નહેર બાંધવામાં આવી છે આ ત્રિકોણમાં શહેર ભીંસાયું છે નહેરોના લીધે સુરતના પાણીના તળ ઉંચા આવવાથી શહેરની ઇમારતો માટે મોટો ભય ઉભો થશે.

નર્મદા યોજના અને સરદાર સરોવર યોજના બાબતે પણ તેમનાં વિચારો સ્પષ્ટ છે તેઓ કહે છે નર્મદા યોજના રાજકીય વિવાદમાં ફસાઇ ગઇ છે મધ્યપ્રદેશમાં નર્મદા યોજના સામે ઉભું કરાયેલું આંદોલન રાજકીય હિતથી પ્રેરિત છે. હરણફાળ અને જળસિંધી ડેમથી જેટલી જમીન ડુબાણમાં જાય છે તેટલી જ જમીન નવાગામ બંધમાં પણ જાય છે નવાગામ ડેમ સામે મધ્યપ્રદેશ સરકાર આદિવાસીઓને ઇરાદાપુર્વક ઉશ્કેરી રહી છે. અશિક્ષિત લોકો રાજકીય પ્રચારનો ભોગ બન્યાં છે છતાં લોકોને હવે સત્ય સમજાઇ રહ્યું છે ચાલો પાછા તાપીની વાત પર આવીએ.

ડો.એમ.ડી.દેસાઇ છેક ૧૯૭૬થી કહેતા રહ્યા છે કે વરસાદને કારણે શહેરના કયા વિસ્તારોમાં પાણી ભરાય જાય છે તેની મોજણી થવી જોઇએ. આ પાણીના નિકાલની વ્યવસ્થા પણ વિચારવી જ પડે. ઉકાઇમાં જ જનરેટર ચાલે છે તેને ચલાવવા માટે પાણી છોડતા તે કાકરાપાર થઇને સુરત આવે છે. પાળા યોજનાથી પાણી અટકી જશે તેમ લાગતું હતું તેથી વરાછાથી ડુમરા સુધી પાળા યોજના બની છે. તેમ છતાં શહેરમાં પાણીનો પ્રશ્ન ઉભો જ છે તેથી પાલિકાએ પાણીના નિકાલની યોજના વિચારવી જ પડશે. પાણી આવતું કેમ અટકાવાય તેનું નિરાકરણ પણ શોધવું પડશે.

સુરતમાં હાલમાં આવેલા પૂરની સંભવિનતા ડો. દેસાઇએ ૧૯૩૯માં જ પીછાણી લીધી હતી. તેમણે તે સમયે અખબારી મુલાકાતમાં કહ્યું હતું કે ઉકાઇ ડેમ બંધાવાથી સુરતના માથેથી પૂરનો ભય હંમેશા માટે ટળી ગયો નથી ઉકાઇ ડેમમાંથી જરૂરિયાત મુજબ પાણી છોડવામાં આવે અને તે સમયે દરિયામાં ભરતી હોય અથવા હેઠવાસમાં સતત વર્ષા હોય તો એ પાણી શહેરમાં પ્રવેશી શકે જો ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ૮.૫ લાખ કયુસેકસ પાણી છોડવામાં આવે તો હોપપુલ આગળ પાણીની સપાટી ૯૮ ફૂટની ભયજનક સપાટીથી ઉપર જાય જો ૧૦ લાખ કે ૧૫ લાખ કે ૧૭ લાખ કયુસેકસ પાણી છોડવામાં આવે તો સપાટી ૧૦૪ ફૂટને પણ વટાવી જાય બીજું એ કે પૂર સંરક્ષણ માટે બનાવવામાં આવેલા પાળાને કારણે નદી સાંકડી બની છે જેને લીધે પણ સપાટી વધી શકે.

આ પુરથી બચવાના ઉપાયોના પગલાં સુચવતાં તેમણે કહ્યું હતું કે શહેરના વિવિધ વિસ્તારોના ઉંચાણ અને નીચાણવાળા વિસ્તારોનું ચોક્કસ માર્કીંગ કરવું આ માટે ભૂતકાળમાં કયાં કેટલું પાણી ભરાયું હતું તેને આધારે માર્કીંગ થઇ શકે ઉપરાંત પાળા યોજના સંપુર્ણ સફળ નીવડી કે કેમ તેનું મૂલ્યાંકન કરવામાં આવે પરંતુ આ બાબતે રાજકારણને વચ્ચે લાવ્યા વિના કે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યા વિના કામ કરવું જોઇએ અને ત્રીજું પૂર માટે લાંબા ગાળાની યોજના બનાવવી જોઇએ.

દુરંદર્શી ડો. એમ.ડી.દેસાઇએ વર્ષો પહેલાં કરેલા આ સુચનોનો આપણે અમલ કર્યો હોત તો ૧૯૯૪ અને ૯૮ના પુરની પરિસ્થિતિનો સામનો કરવો પડયો ન હોત. પોતાના અગાધ જ્ઞાન અને દુરંદર્શી પણા માટે ૧૯૬૮-૬૯માં રેડિયો હઝાસ પ્રાઇઝ અને તે જ વર્ષે આઇ.જી.એસ.ઇન્સ્ટ્રમેન્ટેશન પ્રાઇઝ મેળવનાર ડો.એમ.ડી.દેસાઇનો અત્યારે પણ સુરતને પૂરસંકટમાંથી બચાવવાની લાંબા ગાળાની યોજના બનાવવામાં ઉપયોગ થવો જોઇએ. ■

(૧)

**કવર સ્ટોરી**

તસવીરો : દિલીપ રામશા, ર.

મિનરલ વોટર અને ફૂડપેકેટ્સ પહોંચાડતા સુમુલ ડેરી રોડના યુવાનો



# શેરીમાં પાણી, ઘરમાં પાણી, છાપરા પર પાણી, આંખમાં પાણી, જ્યાં જુઓ ત્યાં પાણી ને પાણી

**ઉકાઇ ડેમ તો બચી ગયો, પણ સુરત ન બચ્યું. તાપીની ભીની થપ્પડોએ શહેરમાં અનેક કરુણાંતિકાઓ સર્જી. હવે નગરને બેઠું થતાં વાર લાગશે. પાણીપ્રહારનાં આ આંસુ જલદી સુકાય તેવાં નથી.**

સંજય શાહ

જિંદગી અને મોત વચ્ચે કેટલું અંતર હોય છે? સવાલ અઘરો છે. જવાબ મેળવવો હોય તો સુરતના લોકોને મળવા જેવું છે. ૧૫ સપ્ટેમ્બરથી ૧૮મી સપ્ટેમ્બર દરમિયાન સુરતમાં આવેલા તાપીના પૂરે અનેકને માત્ર વેંતછેટે મોતનાં દર્શન કરાવ્યાં છે. કરોડો રૂપિયાનું નુકસાન અને ૨૫ માણસોનો ભોગ લઈને કુદરતે ફરી એક વાર પોતાની સર્વોપરિતા સાબિત કરી છે.

ગુજરાતના સીમાડાનાં રાજ્યો મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના અનેક જિલ્લાઓમાં થયેલા અત્યંત ભારે પાછોતરા વરસાદે તાપી પર બંધાયેલા ઉકાઈ ડેમમાં પાણીનો બેહદ જથ્થો વધાર્યો. આ વધેલો જથ્થો ઓછો ન કરાય તો ડેમની સુરક્ષા જોખમાવાની પૂરી શક્યતાઓ હતી. અને તેથી જ ઉકાઈમાંથી સાત લાખ ક્યુસેક પાણીનો જથ્થો ફરજિયાત છોડવો પડ્યો. આ પાણીએ સુરતમાં તાપી નદીના કિનારાઓ તોડી નાખ્યા. વરસાદી ગટરોમાંથી પાછું ઠેલાઈને તાપીમાંનું પાણી ગટરોનાં શહેરમાંનાં મોઢાંઓ વાટે શહેરભરમાં ફરી વળ્યું. એક તબક્કે તાપી નદીનું હોપ પુલ પરનું લેવલ ૧૦૨.૫ ફૂટે પહોંચ્યું અને પછીના તબક્કે માત્ર સુરત જ નહીં પણ કાંઠા વિસ્તારના ઈચ્છાપોર, પાલ, અડાજણ, હજીરા, અમરોલી, છાપરાભાઠા અને કામરેજ જેવાં કુલ પાંત્રીસેક ગામડાંઓમાં પણ જબરજસ્ત તબાહી કરી ગયું. સોમવારની મોડી સાંજથી છોડાયેલું પાણી મંગળવારે અને બુધવારે જેટલું ભયાનક નહોતું લાગ્યું એનાથી અનેકગણું ભયાનક ગુરુવારે સવારે બન્યું. સુરતના માત્ર નીચાણવાળા જ નહીં પરંતુ ઊંચાઈ પરના વિસ્તારોને પણ પૂરની ખાસ્સી એવી અસર થઈ. જોકે પૂરની ભયાનકતાને પિછાણવામાં સરકારી તંત્રો સહિત સામાન્ય માણસે પણ ભારે થાપ ખાધી હતી.

પાણી તો આવે ને જાય એવી ગાફેલિયતમાં રહેલા લોકોને ભયાનકતાનો ખ્યાલ આપવાની જવાબદારી સરકારી તંત્રની, સુરતના કલેક્ટરની હતી. કારણ ગમે તે હોય, પણ કલેક્ટર તેમ કરવામાં નિષ્ફળ ગયા. ઘરના આંગણે આવીને ઊભેલો પાણીનો રેલો પગથિયાં ચડીને ઘરની છતને પણ પલાળશે એવું તો કોઈએ સ્વપનેય વિચાર્યું નહોતું. ક્યાંય સુધી તો બાળકો ઓટલે ઊભાં રહીને છીછરા પાણીમાં છબછબિયાં કરતાં હતાં. જોકે ખુશીની એ પળો અત્યંત ક્ષણજીવી જ નીવડી. મોડી સાંજ સુધીમાં જ, એ જ પાણી મકાનની છત પરથી આંગળી

અમરોલીના સાયણ રોડ પર ખાનગી માલિકીની હોડીમાં ચાલતું બચાવકાર્ય : અપના, જગન્નાથ



૩૬ • અભિયાન • ૩ ઓક્ટોબર ૧૯૯૮



હોડીબંગલાની ગલીમાં કીચડ



(ઉપર) રાંદેરના બોરવાડામાં મારુતિકાર પાણીના પ્રવાહમાં તણાઈને જોશભેર આ ઝાડનાં મૂળિયાંઓ સાથે અથડાઈ હતી; (નીચે) તેરા તુઝ કો અર્પણ : તાપીના જ પાણીએ આખું વરસ ખેતી કરીને મેળવેલું મહામૂલું અનાજ તાપીના નીરમાં પલળી જતાં લોકોએ સંખ્યાબંધ ટ્રેલરો ભરીને બગડેલું, ગંધાતું અનાજ પાછું તાપીમાં જ પધરાવી દીધું




(નીચે) પરસોત્તમ સેલરનું ટીમલાફળિયામાં આવેલું ઘર રાતોરાત ખંડેર બની ગયું : લાચારોના આવા અનેક કિસ્સાઓ સુરતમાં બન્યા

અડકાડીને આંબી શકાય એટલા ઊંચે આવી ગયા હતા.

આવી હાલત સુરતના છાપરાભાઠા અને અમરોલી ગામની હતી. છાપરાભાઠામાં ગુજરાત હાઉસિંગ બોર્ડે બનાવેલાં ૨,૦૦૦ મકાનોમાં આશરે ૧૦,૦૦૦થી વધુ લોકો રહે છે. આ આખીય વસાહત નીચાણમાં છે. બેઠા ઘાટનાં આ મકાનોમાં રહેતા લોકોએ પાણી અહીં જેમ જેમ વધતા ગયા એમ એમ એક પછી એક ચીજ જતી કરી અને અનેક લોકોની તમામ ઘરવખરી તેમની નજર સામે જ ઘરમાંથી પાણીના વેગે વહીને રસ્તાઓ પર તરતી,

[illegible] રોડ પર કૃષ્ણનગર ખાતે ફરતી હોડીઓ : આ હોડીવાળાઓએ બચાવકાર્ય કરતાં સહેલગાહ વધુ કરી હોવાનો સુરતીઓનો આક્ષેપ છે





૩૭ • અભિયાન • ૩ ઓક્ટોબર ૧૯૯૮




હોડીબંગલા વિસ્તારમાં બિસ્તરા-પોટલાં તૈયાર રાખીને સુરત છોડવાની ઘડી ગણી રહેલો પરિવાર

રઝળતી અને વહેતી થઈ ગઈ. અહીં બબ્બે રાત સુધી લોકો માત્ર ભગવાનના ભરોસે ભૂખ્યા, તરસ્યા અને પલળતા રહ્યા. પાણી તો છેક છતને અડ્યા હતા. અને છત પર ચડેલા લોકો પાણીથી છએક ઇંચ જેટલા જ છેટે હતા. આવામાં પાળી વગરના ખુલ્લા ધાબા પરથી, અંધારી રાત્રે પગ લપસે કે કંઈક ભૂલ કે ગફલત થઈ તો એ જ પાણી જાનથી હાથ ધોવડાવી જવાના હતા અને લોકોને એ વાતની ખબર પણ હતી. અહીં રહેતા પ્રફુલ્લભાઈ સોલંકી કહે છે, "અમને તો ભગવાને જ બચાવ્યા ભાઈ. હું, મારી પત્ની જયશ્રી અને દીકરો મયંક તથા દીકરી ડિમ્પલ ખુલ્લા આકાશ નીચે, કાળજું કંપાવી નાખે એવા અંધારામાં, આખી રાત વરસતા વરસાદમાં ધ્રૂજતાં ધ્રૂજતાં બેસી રહ્યાં. ચારેકોર ભયાનક અંધારું અને હાડ થિજાવતી ઠંડીમાં પૂરના પાણીનો અવાજ કાળજું કંપાવતો હતો." પ્રફુલ્લભાઈ સોલંકી રિક્ષા ચલાવીને પોતાના પરિવારનો જીવનનિર્વાહ કરે છે. આખા ઘરનો સામાન બચાવવાનો તેમની પાસે સમય નહોતો. આખી વસાહતનું લોક પોતપોતાની ફિકરમાં હતું ત્યારે પ્રફુલ્લભાઈએ જીવથીય વહાલી એવી પોતાની રિક્ષા બચાવવાનાં હવાતિયાં મારવા માંડ્યાં. પુત્ર મયંકની મદદથી તેમણે ઘરમાંથી ચાર ફૂટ ઊંચું એક ટેબલ ઓટલે ચડાવીને ટેબલ પર રિક્ષા ચડાવી દીધી. પણ નસીબ જેનું નામ, પાણી તો બાર ફૂટ ઊંચે ચડ્યા. અને રિક્ષા ટેબલ પર હતી તોય હૂડની ઉપરથી પાણી વહી રહ્યા. આખરે જીવ બચાવવા સૌ ધાબે ચડી ગયાં. પ્રફુલ્લભાઈ કહે છે, "અમારી સાથે ધાબા પર બીજા ૪૦ જણા હતા. આખી સોસાયટીના લોકો ધાબે ચડી ગયા હતા. અમે બચાવો-બચાવોની બૂમો પાડવા માંડી, પણ કોણ કોને બચાવે? પછી અમારો અવાજ દૂર સુધી જાય એ માટે તમામ ધાબા પરના તમામ લોકોએ સંપ કરીને એકસાથે બૂમો પાડવાનું નક્કી કર્યું. બૂમો પાડી પણ ખરી. પણ વ્યર્થ. નજીકના જ રિલાયન્સનગરમાં એસ.આર.પી.ના તંબુઓ છે અને એમને બૂમો પાડીને વાયરલેસ પર મદદ માટેનો સંદેશો મોકલવા કહ્યું તો એ લોકો કહે કે અમારા વાયરલેસ બગડેલા છે. આકાશમાં હેલિકોપ્ટરો ઊડતાં હતાં. અમને થયું આ લોકો બચાવશે. પણ શેના? દસેક ચક્કર કાપ્યાં પણ એક્કેય માણસને એમણે બચાવ્યો નહીં. આ રીતે અમે બીજો દિવસ ને બીજી રાત પણ કાઢી નાખી છતાંય કોઈ અમને જોવા સુદ્ધાં ફરક્યું નહીં. આખરે શુક્રવારે પાણી સહેજ ઓસર્યા ત્યારે અમે માત્ર ડોકું જ બહાર દેખાય એટલા પાણીમાં પહેરેલા લૂગડે ઘર છોડીને ચાલી નીકળ્યા. અમે રાંદેર રોડ પર મારા માબાપના ઘરમાં આશરો લીધો."

આખા સુરતના તમામ પૂરગ્રસ્ત વિસ્તારોમાં જેટલાં માથાં તેટલી દાસ્તાન છે. અહીં સૌનાં દામન ભીનાં છે ત્યારે કોણ કોનાં આંસુ લૂછે? અમરોલીમાં ભગુનગર સોસાયટીમાં રહેતા જયવદન પ્રજાપતિની પત્ની ગર્ભવતી હતી. એને આઠમો મહિનો જતો હતો અને ગમે ત્યારે પ્રસૂતિ થાય એમ હતી. હીરા ઘસવાનું કામ કરતો જયવદન પોતાની પત્ની સાથે બેઠા ઘાટના ઘરમાં એકલો જ રહેતો હતો. એણે પોતાની પત્નીને સલામત ખસેડવા શું કર્યું? સાડા ચાર ફૂટ જેટલા પાણીમાં માત્ર ટૂંકી ચડ્ડી અને પહેરીને અમરોલી-સાયણ રોડ પર ફૂડપેકેટ્સ અને પાણીની તલાશમાં નીકળેલો જયવદન કહે છે, "મારા ઘરની છત પર ચડીને મેં એક સીડી આડી પાડીને બાજુની બિલ્ડિંગની પહેલા માળની બાલ્કની સાથે ગોઠવી અને એના પરથી મારી પત્નીને જેમ તેમ મેં બાજુમાં મોકલી. આ વખતે અમરોલીનાં સરપંચ પદ્માબહેનના પતિ પી.આર. પટેલ હોડી લઈને નીકળ્યા હતા. અમે એની પાસે હોડી માગી તો એ અમારી સામે પણ જોવા રાજી નહોતા." અહીં પી.આર. પટેલ પર લોકોને ખૂબ ગુસ્સો ચડ્યો છે. અમરોલીમાં વિશ્વનગરમાં રહેતો મીનેષ પંડ્યા નામનો યુવાન કહે છે, "અમને જે સહાય મળી છે એ તો છેક શુક્રવારે મળી છે. અને એય સ્વૈચ્છિક સંસ્થાઓની સહાય છે. પી.આર. પટેલ એક બોટ લઈને આવ્યા અને પાંચ ફેરા મારી ગયા, પણ એક્કેય માણસને એણે બેસાડ્યો નહીં. એક વખત જાય અને આવે ત્યારે વળતા રાઉન્ડમાં ૨૦-૨૫ જણાને તો સહેલગાહ માટે સાથે લેતા આવતા હતા."

સુરતમાં હોડીઓ વિશેની આ ફરિયાદ સામાન્ય છે. વેડ રોડ પર રણછોડનગર સોસાયટીમાં રહેતા ઈશ્વરભાઈ ભગત કહે છે, "અમે હોડીઓ લઈને ફરતા માણસોને રોક્યા, પણ તેઓ, 'પછી આવીએ છીએ' એમ કહીને ગયા તે ગયા. આવ્યા જ નહીં. એ તો મને તરતાં આવડે છે એટલે મેં જાતે લોકોને બચાવ્યા. ત્રણ દી'થી સતત રખડીએ છીએ, પલળીએ છીએ, પણ સરકારની કોઈ મદદ મળતી નથી. બચાવીને માણસોને અમે રાખીએ ક્યાં? બધાનાં ઘરો, બધાનાં ધાબાં હકડેઠઠ ભરાઈ ગયાં ત્યારે જાણીતા લોકોના બંધ ફ્લેટોનાં તાળાં તોડીને એમાં અમારે લોકોને આશ્રય આપવો પડ્યો હતો." વેડ રોડ પર પૂર ઊતર્યાં એ દિવસે હજારો ક્વિન્ટલ અનાજ પલળી ગયું હોવાથી અનાજ-કરિયાણાંના વેપારીઓએ રસ્તાઓ પર અનાજની ગૂણો ખડકી દીધી હતી. સડેલું અનાજ જે દુર્ગંધ મારતું હતું એનાથી પ્રજા ત્રાસી ગઈ હતી. આમાંથી કોઈ મોટો રોગચાળો ન ફેલાય એ માટે દવાનો છંટકાવ જરૂરી હતો એટલે વેડ રોડના ધરમ કોમ્પ્લેક્સમાં રહેતો હિતેશ ઠક્કર નામનો યુવાન કતારગામ ઝોનલ ઓફિસે દવા માગવા ગયો. ત્યાં એની પાસે સોસાયટીનો લેટરહેડ માગવામાં આવ્યો. હિતેશ કહે છે, "અમારી સામે પાઉડરની ટ્રક આવી પણ અમને ન આપ્યો." કેસરભવાની એપાર્ટમેન્ટના ભાવસિંહભાઈ રાજપૂત કહે છે, "મેં લોકોનો સામાન મારી નાનકડી ખોલીમાં મૂક્યો અને છેક છત સુધીનો ઢગલો થઈ ગયો. અમારે ત્યાં એક હોડીવાળો આવ્યો તે હોડી અમને જ આપીને જતો રહ્યો. અમને તો હોડી ચલાવતાં જ આવડતી નહોતી તો કરીએ શું? આખરે પાછી લઈ ગયા, પણ કોઈને બેસાડી ન ગયા. અહીં ૧૫-૨૦ ફૂડપેકેટ્સ હેલિકોપ્ટરમાંથી ફેંકી ગયા. હકીકતમાં અમને ફૂડપેકેટ્સની



ભરૂચ ફુરજા વિસ્તારના વાહનમાર્ગ પર રેલના પાણીએ આવું દૃશ્ય સર્જ્યું હતું

નહોતી.'' આનું નામ જ તો આયોજનનો અભાવ. જ્યાં જરૂર ત્યાં જ પહોંચ્યા નહીં. વેડ રોડ પર ત્રિલોક સોસાયટીમાં રહેતા રામ ગણપતરાવ કહે છે, ''હું ત્રણ દિવસ ભૂખ્યો અને તરસ્યો તેમના છાપરે ચડીને પલળતો બેસી રહ્યો. આટલે અંદર સુધી કોઈ અમને જોવા પણ આવ્યું નથી. મારી તમામ ઘરવખરી પાણીમાં ખતમ થઈ ગઈ છે.'' આનંદ પાર્ક સોસાયટીના પ્રમુખ ધનજીભાઈ બોરિંગવાલા અને કનુભાઈ સોલંકી કહે છે, ''અમે તરતાં તરતાં હોડી શોધવા ગયા, પણ આખરે હારી-થાકીને પાછા આવ્યા. અમારા ૯૦ ટકા લોકોનું કહેવું છે કે અમને ખાવાનું નહીં આપો તો વાંધો નહીં, પણ અહીંથી તાત્કાલિક સફાઈ કરાવો. પણ અમારું કોઈ સાંભળતું જ નથી.''


કતારગામ, વેડ રોડ વિસ્તારમાંના લોકોની સામાન સાથે હિજરત

આનંદ પાર્ક સોસાયટીની એક ખોલીમાં ધોંડુ દેવરામ જોગી નામના ૬૦ વર્ષના વૃદ્ધ એક ઝૂંપડીમાં ફસાઈ ગયા હતા. એક તો એ પહેલેથી જ થોડા બીમાર હતા અને એમની ખોલીમાં ૧૫-૨૦ જણા ભેગા થઈ ગયા હોવાથી તેમણે એકની એક જ સ્થિતિમાં બેસી રહેવું પડ્યું. આખરે એમના પગ જકડાઈ ગયા. પણ કરે શું? પૂર જરાક ઓસર્યાં એટલે એમની પત્ની અને સગાંઓ એમને એક લારીમાં સુવડાવીને ઘરનો જે હાથ લાગ્યો એ સામાન લઈને નીકળી ગયાં. એમનાં પત્ની શાંતાબહેન કહે છે, ''અમે બે દિવસથી ભૂખ્યાં છીએ. મારો પતિ બીમાર છે. અહીં કોઈ પણ ઘડીએ કંઈ પણ બને એમ છે એટલે અમારે અહીંથી ભાગી છૂટવું છે.''

સુરતમાંથી હિજરતનો એક જબરજસ્ત દોર શરૂ થયો છે. ઓરિસા, બિહાર, આંધ્ર પ્રદેશ અને ઉત્તર પ્રદેશ તથા રાજસ્થાનના કારીગરો, મજૂરોનાં ટોળેટોળાં હવે સુરત છોડી રહ્યાં છે. જોકે સુરતમાં જે છે એ પણ પૂરતા સલામત નથી. રાંદેર ટાઉનને અડીને આવેલી તાપીકિનારાની પાળાની દીવાલ પાણીના પ્રચંડ વેગથી જબ્બર ધડાકા સાથે તૂટી અને કિનારાના પાંચપીપળી, ટીમલા, હનુમાનટેકરી, ભંડારીવાડ, વાંકલ, અને દંહેરીફળિયાનાં સેંકડો ઘરોને પારાવાર નુકસાન થયું. ટીમલાફળિયામાં દીવાલની નજીક જ રહેતા પરસોત્તમભાઈ સેલરના એક માળના બેઠા મકાનની તો ફક્ત ત્રણ દીવાલ અને છાપરાં જ રહ્યાં. પાણીના વેગમાં ઘરની તમામ ઘરવખરી તણાઈ ગઈ. પરસોત્તમભાઈનાં વૃદ્ધ માતા ભીખીબહેન ચોધાર આંસુએ રડતાં રડતાં આ લખનારને કહે છે, ''દીકરા, હજી તો મહિનો પહેલાં જ મારો વર મરી ગયો. એ ગયો ત્યાં આ નવી ઉપાધિ આવી. અમારી પાસે કંઈ જ નથી રહ્યું. અમે લૂંટાઈ ગયાં, બરબાદ થઈ ગયાં. અમે જિંદગીમાં ક્યારેય હાથ લાંબો નથી કર્યો. આજે ભીખ માગીને ખાવાના દહાડા આવી ગયા છે. ત્રણ દિવસથી અમે જમતાં નથી. આમાં શું રાંધે ને શું ખાય? રેલરાહતવાળા ચોખા આપી ગયા એ બાફીને બચ્ચાંઓને ખવડાવી દીધા. રે ભગવાન, આની કરતાં તો મને જ મારી નાખી હોત તો ચાલતે.'' ભીખીબહેનની હાલત ખૂબ જ કફોડી થઈ છે. એમના ત્રણ દીકરા રંગકામ કરીને પેટિયું રળે છે. એમનો દીકરો કાંતિ કહે છે, ''અમારી એક પેટીમાં મારી માનાં બૂટિયાં, એક ચેન અને ત્રણ હજાર રૂપિયા રોકડા હતાં. અમે મારા બાપાની મરણોત્તર વિધિ કરવા માટે એ પૈસા જેમતેમ જમા કર્યા હતા. એ પેટી તણાઈ ગઈ અને ભંડારીવાડ પાસેથી પાછી મળી, પણ એમનું તાળું તૂટેલું હતું અને રૂપિયા તથા દાગીના ગાયબ થઈ ગયાં હતાં. કોઈએ તાળું તોડીને કાઢી લીધાં હશે.'' લોકોની આ માનસિકતા ક્યારે ટળશે? કટોકટીમાં પણ ચોરીચપાટી અને હિંસક વૃત્તિ કેડો નથી મૂકતી. ચોમેરથી ભરાયેલા પાણી અને વરસતા વરસાદમાં આ જ રાંદેરમાં કોમી છમકલું પણ થયું હતું. રાંદેરના બોરવાડા વિસ્તારમાં મકાનના ઓટલા ઠેકીને જતા મુસલમાનોને હિંદુઓએ એમ ન કરવાનું કહ્યું અને મામલાએ હિંસક સ્વરૂપ પકડ્યું હતું. બોરવાડામાં રહેતા જયંતીલાલ કેશવભાઈ રાંદેરિયા કહે છે, ''કોમવાદ આવા સમયે પણ પીછો છોડતો નથી. વળી, આવે વખતે તો પોલીસ કે બંબા પણ ન આવી શકે. જો વધારે થયું હોત તો શું થાત?'' હનુમાનટેકરી વિસ્તારમાં રહેતો યોગેશ સેલર કહે છે, ''જે પ્રચંડ ધડાકા સાથે પાળો તૂટ્યો તેનાથી આખો વિસ્તાર ધ્રૂજી ઊઠ્યો હતો. મેં મારા ત્રણ છોકરાને તણાઈ જતાં જેમતેમ બચાવ્યા ને પાણી આઠ ફૂટ જેટલા ઊંચા ચડી ગયા.'' આ જ કિનારે આવેલી કોઝવે-કમ-વિયર નજીકની ઈકબાલનગર ઝૂંપડપટ્ટી અને રાંદેર રોડ પરની બાપુનગર ઝૂંપડપટ્ટી લગભગ પૂર્ણપણે નાશ પામી છે. ઈકબાલનગરમાં રહેતા ગુલઝારભાઈ ઊંચી પાળ પર બેચાર પતરાં ત્રાંસાં મૂકીને એની નીચેની જગ્યાને પોતાના 'ઘર' તરીકે ઓળખાવે છે. ગુલઝારભાઈ કહે છે, ''મારું આખું ઝૂંપડું અને બધો જ સામાન ગયો. આખી વસાહતમાં કુલ ૩૨૦ ઝૂંપડીમાંથી એકમાત્ર ઝૂંપડું બચ્યું છે. બધાનું બધું જ તણાઈ ગયું છે.'' ગુલઝારભાઈ પાસે હવે જીવનની અંતિમ મિલકતરૂપે બે ડબ્બાનું એક નાનું ટિફિન, એક સ્ટવ, એક પતરાનો ડબ્બો, ઘરના તૂટેલા

(ડાબે) રાંદેર રોડની અનેક સોસાયટીઓની હાલત આવી જ બદતર થઈ છે; (જમણે) લારીની એમ્બ્યુલન્સમાં ૬૫ વર્ષીય બીમાર ધોંડુ જોગી અને તેમનો પરિવાર હિજરત કરી રહ્યા છે







(ડાબે) વેડ રોડ પર પૂરને લીધે નાશ પામેલા અનાજને લીધે ભયંકર દુર્ગંધ ફેલાવા માંડી; (જમણે) સુરતમાં રેપિડ એક્શન ફોર્સનું આગમન : લશ્કરની એમ્બ્યુલન્સે સુરતમાં દવા વહેંચી

દરવાજાનું એક બારણું અને એક સુટકેસ જ રહી ગયાં છે. એ બેચાર પતરાં એના મિત્ર પાસેથી ઉછીનાં લઈ આવ્યા છે અને ઊંચી પાળ પરની રેલિંગ અને જમીન સાથે એ પતરાંને જમીન તરફ અડાડીને ગોઠવી દીધાં છે. નીચે તૂટેલું બારણું પાથરીને ફ્લોરિંગ કર્યું છે. જેના પર એની દીકરી રમે છે અને એ 'ઘર'ની બહાર બેઠા છે. રાંદેરની નેકજના સ્ટ્રીટમાં રહેતો અબ્દુલ હસન અબ્દુલ રઉફ બેન્ડવાલા કહે છે, ''અહીં કોઈ ખબર કાઢવા આવ્યું જ નથી. મુસ્લિમ વિસ્તારમાં આમ પણ કોઈ આવતું નથી. હેલિકોપ્ટરોએ તો એમના જ માણસોને મદદ કરી છે. જે ફસાયેલા હતા એ તો બૂમો પાડી-પાડીને મરી ગયા, પણ કોઈ મદદે ન આવ્યું.''

બચાવ અને રાહતકામગીરીમાં તંત્ર ઢીલું સાબિત થયું એ હકીકત છે. જાન બચાવવા ધાબે ચડેલા લોકોએ ધાવણાં બાળકોને દૂધને બદલે વરસાદનું પાણી પાઈને અને મારી-મારીને શાંત રાખ્યાં હતાં. છાપરાભાઠા હાઉસિંગ બોર્ડના લોકોએ હોડીવાળાઓને વ્યક્તિદીઠ ૧૦૦ રૂપિયા આપવાનું કહ્યું તોય કોઈને હોડીમાં નહોતા બેસાડ્યા. આ સંજોગોમાં પ્રજાની સહનશક્તિ જવાબ આપી ગઈ. એટલે જ ભાજપના કાપડમંત્રી કાશીરામ રાણા, રાજ્યમંત્રી નરોત્તમ પટેલ, ધારાસભ્ય ધીરુ ગજેરા અને સ્થાનિક કોર્પોરેટરો ઉપરાંત માજી મુખ્યમંત્રીઓ શંકરસિંહ વાઘેલા, દિલીપ પરીખ વગેરે સૌને પ્રજાએ ક્યાં તો બૂરેહાલ ફટકાર્યા અથવા તો [illegible] હતા. આવા જ સલૂક પ્રજાએ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સાથે પણ કર્યા. જાતજાતનાં કૌભાંડો કરીને પ્રજાના પૈસે તાગડધિન્ના કરતા નેતાઓ કે અધિકારીઓને સુરતીઓએ બરાબર પાઠ ભણાવ્યો. કતારગામ ઝોનમાં પ્રજાએ પાલિકાના ઝોન અધિકારી ગામિતને ધીબેડ્યા અને વેડ રોડ પર જગદીશન જેવા જગદીશનને ભગાડ્યા. જોકે રાંદેરની પ્રજા પ્રમાણમાં શાંત રહી. રાંદેર, કતારગામ, વરાછા, કાપોદ્રા- તમામ વિસ્તારોમાં ઓસરી રહેલા પૂરથી ખાનાખરાબી સપાટી પર આવ્યે જતી હતી. ગંદકી અને કચરાના ઢગ ખડકાતા હતા. લોકો પ્લેગનો ભય પામી ચૂક્યા હતા અને ગંદકી ઉલેચાવવા માગતા હતા, પણ મહાનગરપાલિકા અને વહીવટી તંત્ર તો સાવ લકવાગ્રસ્ત થઈ ગયાં હતાં. બબ્બે દિવસ સુધી તમામ વિસ્તારોમાં કચરાના ઢગ ખડકાયે જતા હોવા છતાં કોઈ જ કામગીરી ક્યાંય થતી ન હોવાથી પ્રજા સાવ ભગવાનભરોસે થઈ ગઈ હતી. તંત્રોની આવી લાપરવાહીને કારણે જ પૂરની આગોતરી તૈયારી પણ ન થઈ શકી. સુરત મહાનગરપાલિકા પાસે માત્ર એક ડઝન હોડીઓ છે. એ પણ ચાલી તો વાહ વાહ, નહીં તો આહ આહ જેવી સ્થિતિમાં છે. આવા સંજોગોમાં ગુજરાત મેરિટાઇમ બોર્ડની હોડીઓ પણ મંગાવવી પડી. રેપિડ એક્શન ફોર્સના ૨૦૦ જવાનોને કેપ્ટન ટી.ટી. સોનાવણેના માર્ગદર્શન હેઠળ બચાવકામગીરીમાં જોતરવામાં આવ્યા. અને તોય પ્રજામાં તો ચારેકોરથી મદદની બૂમો ઊઠતી જ રહી. સોમવારની મોડી સાંજથી આવેલા પાણીએ શુક્રવારની સવાર સુધી સુરતને બરાબર ધમરોળ્યું. વેડ દરવાજાની નાસીરનગર ઝૂંપડપટ્ટીમાં રહેતો શૌકતશાહ બિસ્મિલ્લાશાહ કહે છે, ''અમને અમારા મહોલ્લાના માણસોએ જ બચાવ્યા છે, બીજું કોઈ અમને બચાવવા નથી આવ્યું. સોમવારે સાંજે સાત વાગ્યા પછી પાણી આવવા માંડ્યું હતું, પણ કલેક્ટરે અમારા વિસ્તારમાં તો છેક પૂર ચડી ગયા પછી ચેતવણી આપી હતી. અને પાણી એટલા ઝડપથી વધ્યા કે અમને ભાગવાનો પણ મોકો ન મળ્યો. અહીં નાવડી

(ડાબે) અમરોલીના લોકોને પૂર આવ્યા પછી છેક ચોથા દિવસે રેપિડ એક્શન ફોર્સની ટીમે આવીને બચાવ્યા; (જમણે) કપરાકાળમાંય જીવદયા : વેડ રોડની ત્રિલોક સોસાયટી અને આ પાર્કમાં બેહદ પાણી વધી રહ્યા હતા ત્યારે લોકોએ પોતાની ફિકર પડતી મૂકીને ગાયને એક ધાબા પર ચડાવીને બચાવી લીધી









(ડાબે) પૂર જરાક ઓસર્યાં કે તરત ત્રણ દિવસના ભૂખ્યા-તરસ્યા લોકોએ ફૂડપેકેટ્સ અને પાણીનાં પાઉચ મેળવવા પડાપડી કરી ; (જમણે) વિયર-કમ-કોઝવેને અડીને આવેલી આ દીવાલ તોડીને પાણી પ્રચંડ વેગે અહીંથી પણ પ્રવેશ્યા હતા

આવીને પંડોળ એસ્ટેટ સુધી જઈને પાછી આવી જતી હતી, પણ કોઈને એમાં બેસાડ્યા નહીં.''

નાવડીઓ જેવી જ ફરિયાદ હેલિકોપ્ટર માટેની પણ હતી. સુરતમાં ચાર હેલિકોપ્ટરો લઈને મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ ખુદ આવ્યા હતા. સુરતની સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી સુરતમાં જ પડાવ નાખીને રહેલા કેશુભાઈ પણ વહીવટી તંત્ર પર પકડ નં જમાવી શક્યા. કોંગ્રેસી નેતા કદિર પીરઝાદા કહે છે, ''હેલિકોપ્ટરોનો ઉપયોગ માત્ર નેતાઓની સહેલગાહ માટે અને પૂરગ્રસ્ત સુરતનું આકાશમાંથી દર્શન કરવા પૂરતો.જ થયો છે. આ બાબત અત્યંત શરમજનક છે.''

જોકે આ જળસંકટ વખતે બનેલો એક કિસ્સો ભારતીય વાયુદળ પર માન ઉપજાવે તેવો છે. વાયુદળનું એક હેલિકોપ્ટર જ્યારે ઉકાઇ ડેમ વિસ્તાર પરથી પસાર થઈને દમણ જઈ રહ્યું હતું એ વખતે પાયલટે પાણીમાં તરી રહેલા એક એકલવાયા માણસને જોયો. પરંતુ હેલિકોપ્ટરમાં પેટ્રોલ ખૂટવા આવ્યું હતું. પાયલટ પાસે બે વિકલ્પો હતા. પહેલો એ કે દમણ જઈને પેટ્રોલ ભરી પાછા ફરીને એ માણસને બચાવવો અને બીજો એ કે એ જ ઘડીએ, ખૂટી રહેલા પેટ્રોલની ચિંતા કર્યા વગર પેલા માણસને ઉગારી લેવા. પાયલટે બીજો વિકલ્પ.પસદ કર્યો. તેણે હેલિકોપ્ટર પેલા માણસ પર સ્થિર કરીને સીડી લંબાવી. એ માણસે સીડી પકડી લીધી. હેલિકોપ્ટર તરત ઝડપભેર દમણ તરફ આગળ વધ્યું. પૂરા સો કિલોમીટર સુધી પેલો માણસ સીડીને વળગી રહ્યો. વરસતા વરસાદમાં અને અત્યંત ઠંડા પવન વચ્ચે એ માણસ જિજીવિષાના જોરે સીડી પકડીને પાકી રહેવામાં સફળ રહ્યો. છેવટે જ્યારે હેલિકોપ્ટર દમણ પહોંચ્યું ત્યારે ટાંકીમાં પેટ્રોલનાં છેલ્લાં થોડાં ટીપાં જ બચ્યાં હતાં.

આ એક સુખદ અપવાદ હતો. તેની સામે કરુણાંતિકા ઘણી હતી. રાંદેર રોડ પરની કૃષ્ણનગર સોસાયટી, મુક્તાનંદનગર કોમ્પ્લેક્સ અને અન્ય અનેક બહુમાળી મકાનોનાં ભોંયતળિયાં પાણીમાં ગરક હતાં. આ જ રીતે રામનગર પાસેના ગુજરાત હાઉસિંગ બોર્ડના ટેનામેન્ટ્સનાં ભોંયતળિયાં પણ સંપૂર્ણપણે પાણીમાં ડૂબેલાં હતાં. અહીંથી છેક પાલનપુર ગામના જકાતનાકાની આગળ અને પાલ ગામ પર સુદ્ધાં પાણી ફરી વળ્યાં હતાં. જકાતનાકા પાસેના મંગલતીર્થ એપાર્ટમેન્ટનું ભોંયતળિયું આખું ડૂબી ગયું હતું. અને કરુણાંતિકા અહીં જ સર્જાઈ. મંગલતીર્થમાં બીજા માળે રહેતા તીરથદાસ કારિયાને હાર્ટ એટેક આવ્યો અને એ ગુજરી ગયા. પણ ચારેકોર બે માથોડા પાણી દૂર-દૂર સુધી હતા. બુધવારે રાત્રે ૧૨ વાગ્યે ગુજરી ગયેલા તીરથદાસનો મૃતદેહ બે દિવસ ઘરમાં પડી રહ્યો. શું વીતી હશે એમનાં સ્વજનો પર? એમના ભાઈ જસુભાઈ કહે છે, ''સદ્નસીબે ત્યારે ફોન ચાલુ હતા તેથી સૌને જાણ તો કરી દેવાઈ હતી એટલે બહારગામથી આવેલા લોકો ઘોડદોડ રોડ ઉપર પાણી ન હોવાથી ત્યાંનાં સગાંઓને ત્યાં રોકાયા હતા. જ્યારે હું તો અહીં હાઉસિંગ બોર્ડમાં રહું છું અને અહીં પણ ચારેકોર ૧૨-૧૨ ફૂટ પાણી હતાં એટલે કરું પણ શું? અમે બે રાત અહીં જ જાગતાં પડી રહ્યા. અને ભાઈના ચાર દીકરાઓ એમને ત્યાં પિતાના મૃતદેહ પાસે ખાધા-પીધા વિના બાપનો દેહ જોઈને કલ્પાંત કરતાં બેસી રહ્યા. બીજો છૂટકો જ નહોતો?''

તીરથદાસભાઈ ઘરમાં જ ગુજરી ગયા જ્યારે અન્ય પચ્ચીસ જેટલા માણસો પાણીમાં તણાઈને કે ડૂબીને મૃત્યુ પામ્યાં. પીપલોદ ગામના રાધાકૃષ્ણ મંદિરની સામે રહેતો એક હોટેલનો વેઇટર સંજય શેટ્ટી ડૂબીને મૃત્યુ પામ્યો, તો કતારગામની પારસ સોસાયટીમાં રહેતા મહેશ દામજીભાઈ પ્રજાપતિ ઘરમાં પૂરના પાણી ફરી વળ્યા ત્યારે ઘરવખરી બચાવવાની લહાયમાં પાણીમાં તણાઈને ડૂબી જતાં મૃત્યુ પામ્યા. વરાછા રોડની શ્રીજીનગર સોસાયટીમાં રહેતો નરેન્દ્ર બાલકૃષ્ણ સાહુ ફૂડપેકેટ લેવા માટે દીવાલ પર ચડ્યો હતો, પગ લપસ્યો અને ફૂડપેકેટને બદલે મોત મળ્યું. આ લોકોનાં મૃતદેહો ઓળખાયા અને એમના અગ્નિસંસ્કાર થઈ શક્યા એટલા પૂરતા તેઓ નસીબદાર ખરા. બાકી, પૂરના મૃત્યુઆંક ૨૫માંથી અનેકની દફન-કફનની વિધિ બિનવારસી લાશ તરીકે જ કરવી પડી. સુરતના મોટા ભાગના ટેલિફોનો બંધ થઈ ગયા હતા. રાંદેર એક્સચેન્જમાં પણ પાણી ભરાઈ જવાથી આ એક્સચેન્જની ૧૫,૦૦૦ ટેલિફોન લાઇનો બંધ થઈ ગઈ હતી. દેખીતી રીતે જ આવા સમયે એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ કે પોલીસની મદદથી લોકો વંચિત રહે અને પરિસ્થિતિનો તાગ પામવાની જિજ્ઞાસામાં અફવાઓ જોર પકડે. સુરતમાં ડેમ તૂટ્યો હોવાની વાતથી માંડીને રાંદેરમાં મુસ્લિમોને ઝેરી ટીકડીઓ ખવડાવાઈ હોય તેવી અફવાઓ ઊડી હતી.

છાપરાભાઠા ગામના તબેલાઓમાંથી તણાઈ આવેલા ઢોરોની લાશો આ રીતે દૂર-દૂર સુધી ઢસડાઈને સડી રહી છે



આજે હવે પૂર પછીની સ્થિતિમાં સુરત આખું હતાશા-નિરાશાની ગર્તામાં ડૂબ્યું છે. સુરતનાં બજરંગ દળ અને આરએસએસ, વિશ્વ હિંદુ પરિષદ ઉપરાંત અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ અસરગ્રસ્તની વહારે ધાયાં છે. વરાછા બજરંગ દળના આગેવાન મહેશભાઈ પટેલ પાસે તો પહેલા જ દિવસે ૧૩૦૦થી વધુ





(ડાબે) ઈશ્વરભાઈ ભગત : તરતાં આવડે એટલે અનેકને બચાવ્યા અને બંધ ફ્લેટનાં તાળાં તોડીને લોકોને આશ્રય અપાવ્યો; (જમણે) પૂર પછી પ્લેગનો ભય

ર્યકરોનાં નામ-સરનામાંની યાદી તૈયાર થઈ ગઈ હતી. એ લોકો ગમે તે ઘડીએ ગમે તે કરી છૂટવા ખડે પગે તૈયાર હતા. આ જ રીતે વરાછા રોડના સંકલ્પ ગ્રુપના કિશોરકુમાર, દિલીપભાઈ કથીરિયા અને રાજુ ગોલકિયાની આગેવાની હેઠળ ૨૫-૩૦ રસોઈયાઓએ ૧,૦૦૦ સ્ત્રીઓ અને ૩,૦૦૦ પુરુષ કાર્યકરોના સથવારે એક લાખ ફૂડપેકેટ્સ તૈયાર કરીને વહેંચ્યાં હતાં. સુમુલ ડેરી રોડના સંજયભાઈ પટેલની મિનરલ વોટર અને નમકિનની ડીલરશિપ છે. તેમણે ૩૦૦થી વધુ ખોખાં 'યસ' મિનરલ વોટર અને હજારો પડીકાં નાસ્તો પોતાના શ્રદ્ધા યુવક મંડળના મિત્રોના સથવારે અમરોલીમાં વહેંચ્યાં હતાં. મહિધરપુરા લીંબુશેરીના યુવક મંડળના ૪૦ યુવાનો રમકડાં જેવી એક હોડી લઈને એમાં પાણી વહેંચવા નીકળી પડ્યા હતા. રુસ્તમપુરા નાના કુંભારવાડના કેચ-અપ ગ્રુપના ૨૫ તરવૈયાઓએ ફૂડપેકેટ્સ વહેંચવાની કામગીરી હાથ ધરી તો સુરતના વર્ષો જૂના સેઈલર ક્લબના પ્રમુખ વિજય ભગવાગરની આગેવાની હેઠળ સેંકડો યુવકો ગંજી-ચડ્ડીભેર પૂરગ્રસ્ત વિસ્તારોમાં ધસીને વહારે ધાયા. સુરતના જૈન સમાજના તમામ ફિરકાઓ અને અગ્રવાલ સમાજે નાણાંનો ઉદાર હાથે પ્રવાહ વહેતો કર્યો હતો. રાંદેર રોડના શેત્રુંજય ટાવરના જૈનોએ બે દિવસ પાંચેક હજાર જણનું રસોડું ચલાવ્યું ત્યાં તો એમના જ પાર્કિંગમાં પાણી ઘૂસી ગયા. અને છતાંય એમણે શ્રમદાન તો અવિરત ચાલુ જ રાખ્યું.

સુરતનાં નસીબ આ બાબતે સારાં છે. હજી થોડા જ વખત પર કંડલાના વાઝોડાગ્રસ્તો માટે સુરતના ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારની મહાવીર માર્કેટે દુકાનદીઠ ૧૧૦૦ રૂપિયા ઉઘરાવીને રાહતસામગ્રી મોકલી હતી. હવે ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારની તમામ માર્કેટોનાં ભોંયરાં અને ભોંયતળિયાંની દુકાનોમાં પારાવાર નુકસાન થયું છે ત્યારે તમામ જ્ઞાતિમંડળોએ મદદનો હાથ લંબાવ્યો છે. જોકે આવી હોનારતોમાં સરકારી મદદ મહત્ત્વની હોય છે. કેશુભાઈ પટેલે પહેલા જ દિવસે રૂપિયા બે કરોડની સહાય જાહેર કરી અને પછી બીજા અઢી કરોડ આપવાની પણ જાહેરાત કરી. કુલ રૂપિયા સાડા ચાર કરોડ થયા. આટલા રૂપિયે શું થાય? વેડ રોડ પરની ગોવિંદ પટેલ ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીમાં પાવરલૂમ્સ ચલાવતા દેવેન્દ્ર અને કિરીટભાઈ દલાલ નામના બે ભાઈઓ કહે છે, ''આટલું નુકસાન તો અમારી એક જ સોસાયટીના કારખાનેદારોને થયું છે. અહીંની પંડોળ એસ્ટેટ, નર્મદ, ફટાકડાવાડી, સહયોગ, ફૂલવાડી, રામેશ્વર, ઓનેસ્ટ, વિઠ્ઠલ અને પાકીઝા જેવી અનેક સોસાયટીમાં સેંકડો કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. અમારી આ દિવાળી તો બગડી જ છે, પણ અમે ૧૦ વર્ષ પાછળ ધકેલાઈ ગયા છીએ.'' વેડ રોડની સહયોગ સોસાયટીમાં રહેતા ચંદ્રેશ ગાંધી કહે છે, ''હું અત્યંત ઊંડા પાણીમાં તરીને કતારગામ પારસ સોસાયટીમાં મારે ઘેર પહોંચ્યો તો ત્યાં પણ પુષ્કળ પાણી હતા. મારું કારખાનું તો ડૂબ્યું જ, પણ ઘર અને પ્રોવિઝન સ્ટોર્સ પણ ખતમ થઈ ગયાં.'' અહીંના કારખાનેદારોની હાલત અત્યંત કફોડી થઈ ગઈ છે. કાપડ ઉદ્યોગના અગ્રણી અને સુરત વણકર સંઘના મંત્રી હરેશભાઈ સરૈયા કહે છે, ''સગાં દીઠાં મેં શાહઆલમનાં, શેરીઓમાં ભીખ માગતાં... જેવી હાલત આ કારખાનેદારોની થઈ છે. હવે તેમને વીમા કંપની વધુ કનડે નહીં અને તેમને બનતી ત્વરાએ દાવા પાસ કરી આપે એ જ જરૂરી છે.''

સુરતની પૂરપરિસ્થિતિને પહોંચી વળવા માટે કલેક્ટર કચેરીએ અને સુરત મહાનગરપાલિકાએ પોતપોતાના કંટ્રોલ-રૂમો ઊભા કર્યા હતા. પણ કમનસીબીની વાત એ છે કે આ બે કંટ્રોલ-રૂમો પાસે એકબીજાના ટેલિફોન નંબર પણ પ્રાપ્ય નહોતા. ઉકાઈ ડેમમાંથી છોડાતા પાણીના જથ્થા વિશે છાપાંમાં રોજેરોજ આંકડાઓ છપાતા હતા કે 'આટલા તેટલા ક્યુસેક પાણી છોડાયું', પણ સુરતમાં ભણેલાગણેલા લોકોને એ નહોતી ખબર કે ક્યુસેક એટલે શું અને એ મુજબ કેટલું પાણી થાય. દક્ષિણ ગુજરાતમાં જીઓટેક્નિકલ એન્જિનિયરિંગ વિષયનાં તજજ્ઞ તરીકે ડૉ. મહેશ દેસાઈનું નામ ખૂબ પ્રતિષ્ઠિત છે. તેઓ કહે છે : ''ક્યુસેક એટલે ક્યુબિક ફૂટ પર સેકંડ. એટલે કે એક સેકંડમાં એક ઘનફૂટ પાણી. આ એક ઘનફૂટને બાલદીમાં ભરીને તોળી જોવું હોય તો એનું વજન ૨૮.૩૨ લિટર થાય આવું કુલ સાત લાખ ઘનફૂટ પાણી સુરતમાં પ્રતિસેકંડે છોડવામાં આવ્યું. આ રી.. ક્યુસેક ગણવાની પણ સાદી ગાણિતિક પદ્ધતિ છે. સુરતના વિયર પરની સપાટીના આધારે અને ઉકાઈ ખાતેથી ખોલાયેલા દરવાજાઓના માપથી કેટલા ક્યુસેક પાણી છે એ ગણતરીથી મિનિટોમાં નક્કી કરી શકાય. આ દરવાજાઓ ધારો કે ૨૪ કલાક સુધી ખુલ્લા રહ્યા હોય તો સાત લાખ ક્યુસેક પ્રતિસેકંડના હિસાબે ગણી નાખો કે સુરતની તાપીમાંથી કુલ કેટલું પાણી વહી ગયું?''

સુરતમાં રેલનો ઇતિહાસ જૂનો છે. ૧૯૬૮માં આવેલી મહારેલે અનેક લોકોને બેઘર કર્યા હતા, સેંકડો માનવીઓનો ભોગ લીધો હતો અને હજારો પશુઓનાં ત્યારે મોત થયાં હતાં. સુરતની '૬૮ની રેલ એ તે વખતે આંતરરાષ્ટ્રીય સમાચાર બન્યા હતા. આ રેલની ભયાનકતા પછી એ વખતના કેન્દ્રીય સિંચાઈમંત્રી ડૉ. કે.એલ. રાવે અંગત રસ લઈને સુરતને રેલમુક્ત કરવા માટેની યોજના બનાવી હતી. એ યોજના ફ્લડ પ્રોટેક્શન સ્કીમ-'૬૮ કે પાળા યોજના તરીકે જાણીતી થઈ હતી. આ પાળા યોજના માટે તે વખતે પાંચ કરોડ રૂપિયા ફાળવાયા હતા. નિર્ધારિત ખર્ચ કરતાં બમણાં નાણાં વપરાયાં પછી પણ એ યોજના ૧૯૭૪ પછી

(ડાબે) વેડ રોડના સામાજિક કાર્યકર ભાવસિંહ રાજપૂત : આખા એપાર્ટમેન્ટના ભોંયતળિયાનો સામાન ધીમેધીમે આમ ઉપલા ઘરમાં ખડકાતો ગયો. ૧૦ બાય ૧૦ની એક ખોલીમાં ૨૦-૨૫ જણાં બબ્બે રાત પડી રહ્યાં; (જમણે) જયવદન પ્રજાપતિની પત્નીને પ્રસુતિ થવાની શક્યતા હોવાથી બે મકાનો વચ્ચે સીડી આડી ગોઠવીને તે પત્નીને બીજી બિલ્ડિંગમાં લઈ ગયા









જય સિયારામ : વેડ-ડભોલી, સિંગણપોરમાં સાફસફાઈ કરવા ઊતરી , ' ' ા બજરંગ દળ અને આરએસએસના સ્વયંસેવકો (ઉપર) ; જીઓટેક્નિકલ એન્જિનિયરિંગ વિષયના તજ્જ્ઞ ડો. મહેશ દેસાઈ : સુરતના જુદા-જુદા વિસ્તારોની ઊંચાઈનો એક નકશો હોવો જોઈએ

આગળ ધપી નથી. તે યોજના માટેના કર્મચારીઓને આજેય પગાર ચૂકવાય છે અને આજેય તેમની કચેરી છે. આ કર્મચારીઓની ફરજ હતી કે તેઓ સમયાંતરે કિનારે બંધાયેલા પાળાઓનું નિરીક્ષણ કરે, દુરસ્તી કરાવે અને કોઈ પણ ઘડીએ પૂર આવે તો પાળાની મજબૂતાઈ સક્ષમ હોય એની ખાતરી રાખે. પણ '૬૮ પછી તો ૧૯૭૦માં અને ૧૯૯૪માં પણ સુરતમાં રેલ આવી ગઈ. એ યોજનાથી સુરતને શું ફેર પડ્યો? આ જ યોજના હેઠળ બંધાયેલા પાળામાં રાંદેર ગામમાં ગાબડું પડ્યું અને સેંકડો લોકો તબાહ થઈ ગયા. ડૉ. મહેશ દેસાઇ કહે છે, "જો પાળા યોજના જ પૂરી કરવામાં આવે તો સાડા આઠ લાખ ક્યુસેક પાણી છોડાય ત્યાં સુધી સુરતને વાંધો ન આવે. પણ અહીં તો ફક્ત સાત લાખ ક્યુસેક પાણીથી જ સુરતમાં તબાહી થઈ ગઈ." ઉકાઇ ડેમમાં પાણી છોડવાના કુલ ૨૨ દરવાજાઓ છે. ૧૯૬૮માં થયેલી ભારે ખુવારી તો ૧૫ લાખ ક્યુસેક પાણી છોડાયા પછી થઈ હતી. જ્યારે આ વખતે એ ભયાનકતા અડધાથીય ઓછા પાણીમાં થઈ છે. ઉકાઇ ખાતે ૧૯૬૧થી ડેમ બાંધવાની શરૂઆત થઈ હતી અને ૧૯૭૪માં ડેમનું બાંધકામ પૂરું થયું હતું. આ ડેમની ઊંડાઈ ૩૫ મીટર છે. ભુસાવળથી સુરત સુધીમાં કુલ ૩૨ વાયરલેસ સેટ દ્વારા વરસાદની ગણતરીના આધારે દર કલાકે કલાકે ઉકાઇ ડેમમાં કેટલું પાણી આવશે એની આગોતરી જાણ સત્તાવાળાઓને કરવામાં આવે છે. ઉકાઇ ડેમ પર પહોંચતી એ માહિતીથી સુરતના કલેક્ટરને માહિતગાર કરવામાં આવે છે. અને છતાંય વહીવટી તંત્ર પાણી પહેલાં પાળ બાંધવામાં સરેઆમ નિષ્ફળ નીવડ્યું. ડો. મહેશ દેસાઈ કહે છે, "સુરતમાં હોપ પુલની સપાટીના આધારે આખા જિલ્લાની ઊંચાઈ નક્કી થઈ શકે. હવે તો વિયર પણ બન્યો છે. વિયરના આધારે પણ નક્કી થઈ શકે. વિયર પર જો ૧૨ મીટર પાણી હોય અને કિનારો ૧૦ મીટરનો હોય તો ત્યાં બે મીટર પાણી ભરાઈ જાય. આ જ રીતે ડભોલી ગામ ૮ મીટરની ઊંચાઈએ છે એટલે ત્યાંથી પણ પાણી દાખલ થયા છે. આવી ઊંચાઈનો આખા સુરતનો નકશો હોવો જોઈએ અને એ નકશાના આધારે બાંધકામો કરવામાં આવે તો પૂરથી બચી શકાય. પણ આવો કોઈ નકશો જ બનાવવામાં આવ્યો નથી." સુરતમાં '૬૮માં હોપ પુલ પર પાણીની સપાટી ૧૦૨.૫ ફૂટ હતી અને આ વખતે '૯૮માં પણ ૧૦૨.૫ ફૂટે પહોંચી. ટૂંકમાં ઇતિહાસનું કુદરતે પુનરાવર્તન કર્યું. જોવાનું તો એ છે કે એકમાત્ર '૬૮ની રેલ ૬ઠ્ઠી ઓગસ્ટે આવી હતી. એ સિવાય ૨૪-૯-૯૫ (૧૦૦ ફૂટ હોપ પુલ પર) ૧૭-૯-૫૯ (૧૦૧ ફૂટ), ૬-૯-૭૦ (રેકોર્ડ નથી), ૮-૯-૯૪ (૧૦૧ ફૂટ) અને ૧૫-૧૭/૯/૯૮ની તમામ રેલ સપ્ટેમ્બરના પહેલા-બીજા અઠવાડિયામાં જ આવી છે. આવું કેમ? ડો. મહેશભાઈ દેસાઈ કહે છે, "આ પાછોતરો વરસાદ છે. એ બંગાળના અખાતમાંથી આવે છે જે નૈર્ઋત્યના વરસાદ તરીકે ઓળખાય છે અને એ હંમેશા ભારે જ હોય. હજુ ૧૦મી સપ્ટેમ્બર સુધી તો ઉકાઇ ડેમમાં માત્ર ૩૨૦ ફૂટ પાણી હતું. અને આવતા વર્ષે પરિસ્થિતિ કદાચ દુષ્કાળની થાય એવી હાલત હતી. અને માત્ર પાંચ જ દિવસમાં તો રેલ આવી ગઈ. આ પાછોતરો વરસાદ જ એવો હોય છે." સુરતમાં એક તબક્કે ડેમ તૂટ્યો હોવાની અફવા ઊડી હતી. જોકે ડેમ ક્યારેય તૂટી ન શકે એવો છે. જો તૂટે તો શું થાય? ડો. મહેશ દેસાઈ કહે છે, "શું થાય એ વિશે કંઈ કહી ન શકાય. પણ ડેમમાં કેટલું પાણી છે એ જાણી શકાય. છલોછલ ભરેલા ઉકાઈ ડેમનું પાણી જો પૂરેપૂરું વહે તો ૬૦થી ૬૫ લાખ એકર જમીન પર એક ફૂટ જેટલું પાણી ભરાય તેટલું આ પાણી છે."

સુરતવાસીઓએ આ જળસંકટ વખતે જોયું કે આખો ડેમ ન તૂટે અને ફક્ત અમુક કલાકો સુધી તેના દરવાજા ખુલ્લા રાખવામાં આવે તોપણ જાણે આભ ફાટ્યું હોય એવી સ્થિતિ સર્જાઈ શકે છે. અ

1998-10-07

TOBER 7, 1998

# 'Recent flood was man-made'

EXPRESS NEWS SERVICE
SURAT, OCT 6

NOTED soil mechanics expert and retired professor of S V R College of Engineering Dr M D Desai, who had designed the Ukai dam, on Monday said the recent flood in Tapi was man-made and could have been avoided with better water management.

While delivering a lecture at the Centre for Social Studies on Monday evening, Dr Desai said the flood in 1968, when the dam was under construction, was the most critical natural flood, but the situation has changed now with regulated flows.

Nobody seemed to have made use of satellite pictures, which clearly showed that it was going to rain heavily in the dam's catchment areas, only five per cent of which falls in Gujarat. The catchment area of the reservoir was spread over 62,000 sq km.

He said a model was prepared 20 years ago which was supposed to help authorities to keep a tab on the inflow of water by taking into account the average rainfall figures in the catchment areas. Dr Desai, who was also deputy director of Central Water Commission for close to a decade, visited the dam a couple of days ago and found that the same model was being used.

This was evident from the fact that everything went wrong with the model. The warning issued at 6 am on September 15 that a flood of 2500 MCM was developing and would reach Surat within 40 to 50 hours was also not useful as water level started galloping by the same evening, he said. The control room is at Gandhinagar, when it should have been either at Ukai or Surat.

The benchmark of 96-feet danger level at the Hope Pool was fixed by Bombay collector Theodore Hope and was still followed though it had become irrelevant with the passage of time.

He recalled that in 1968 the rate of discharge was as huge as 15 lakh cusecs but the water level 102 feet, the level reached in 1994 with only half the discharge. The Chowk Bazaar area was under 14-feet water then.

He said water could be stored in the dam even up to 351 feet in emergency as its height was 365 feet. That would mean that about 100 villages in the upstream would be under two-feet water, besides damage to crops.

While crop damages could always be compensated, loss of human life and damage to properties worth hundreds of crores could have easily been averted.

A known opponent of the weir-cum-causeway at Singanpore, he said the structure had increased the chances of siltation.

Experience tells us that the crucial time to monitor was only a 16-day period up to September 15, but unfortunately all senior officers at the dam were absent when they were needed most. With advance releases the flood water could have been managed.

He suggested setting up of a committee that would have besides government representatives experts and prominent persons. The committee should be empowered to take decisions like how much water to be released from the dam and not politicians, who are technically not qualified.

He also suggested making of road maps based on flood marks and red marks on sign boards indicating water level on particular roads.

Dr Desai said yet another public interest litigation would be filed in the Gujarat High Court on the issue.

GUJARAT

# Surat floods symbolise systems failure: Expert

The Times of India News Service

SURAT: The recent floods symbolise a systems failure of the worst order and a crisis of confidence between different authorities, said eminent soil mechanics expert Dr M D Desai, associated with the construction of Ukai Dam — the biggest dam in the state.

Delivering a lecture on 'Surat: protection from flood', here on Thursday Dr Desai, a former professor with the Sardar Vallabhbhai Regional College of Engineering said the recent floods were not only man-made but the whole tragedy could have been avoided with better water management. He lamented the fact that neither the collectorate nor the Surat Municipal Corporation had any technical expertise on the matter.

Dr Desai mooted setting up of an expert committee to oversee the management of the dam and decide on the water-levels to be maintained at the reservoir as politicians were not technically competent to handle such situations. "What we need is a multi-disciplinary body," he said. Besides, he said the management of a dam like the Ukai which was the biggest in the entire state should not be in the hands of one single person only.

According to Dr Desai the floods in 1968, when the dam was being constructed was the most serious natural flood in the river. However, the situation had undergone a change now with regulated flow. Secondly in this age of high technology, the authorities at the dam as well as in the irrigation department had thought to make use of the satellite pictures which clearly indicated that the catchment areas spread over nearly 62,000 square kms were going to receive heavy rains.

What has come as an eye-opener is that a model prepared in 1978 was currently still being used. Even the control room which was at Ukai earlier has not been shifted to Gandhinagar.

All this had an impact for the warning issued at 6 a.m. on September 15 that a flood of 2500 mcm was developing and would reach Surat within the next 40 to 50 hours was also not useful as the water level started rising by the same evening, he said.

Referring to the oft repeated claims by the dam authorities regarding loss to power generation and irrigation if the level in the Ukai reservoir went down, Dr Desai said that loss to power and irrigation was secondary when it came to saving human lives as well as preventing loss to property.

Dr Desai was also critical of the officials manning the dam. "These people draw hefty salaries but cannot work efficiently for even 16 days in a year," he said. It may be recalled that most of the senior officials were absent in the hour of crisis. Dr Desai also mooted the idea of road maps based on flood marks and red marks on sign boards indicating water level on particular roads.

સંદેશ સુરત

# પૂરને ખાળવા તાપીમાં ડ્રેજીંગની વાત મોટું તૂતઃ ૧૬ કિ. કરવું પડે, વિયર નીકળી જાય અને અબજો ઘન મીટર માટી

(પ્રતિનિધિ) સુરત,તા.૧૬

સુરત શહેરની મધ્યમાંથી પસાર થતી લોકમાતા તાપી નદીમાં આવતાં પૂરને કારણે અબજો રૂપિયાનું નુકશાન થાય છે. જનજીવન ખોરંભે પડી જાય છે.

**પૂર અંગે નિષ્ણાત ઈજનેર મહેશભાઈ દેસાઈની સાફ વાતઃ આયોજનો કરવા જરૂરી**

રોગચાળાનો સતત ભય રહે છે ત્યારે ઘણા નાગરિકો, સંસ્થાઓ પોતાનાં મંતવ્યો સાથે વિવિધ સૂચનો કરતાં હોય છે. ગત માસ દરમ્યાન આવેલ પૂર બાદ પણ આવાં જ ઘણાં મંતવ્યો અને સૂચનો થયાં અને હજુ આ સીલસીલો ચાલુ જ રહેશે.

સુરત શહેરમાં પૂર આવે તો ઓછામાં ઓછું નુકશાન થાય જાન- માલ બચાવી શકાય તે માટે સરકારે નક્કર આયોજન કરવું જરૂરી છે.

ગત માસ દરમ્યાન પૂરને કારણે નાગરિકો, વેપારીઓ, દુકાનદારો, કારખાનેદારો, કિસાનો સર્વેને અબજો રૂપિયાનું નુકશાન થવાની ચર્ચા થઈ છે તે સાથે ગુજરાત સરકારે પણ રૂા. ૨૦ કરોડ જેટલી રકમ રાહત તરીકે નાગરિકોને ચૂકવી છે. જો અગાઉથી આંયોજન થયું હોત તો નાંગરિકોની માલ- મિલ્કતો સાથે સરકારનું નાણું પણ બચી જાત.

**જ્યાં પૂર આવ્યાં હતા તે વિસ્તારોમાં લેવલનો સર્વે કરી જનતા સમજી શકે તે રીતે સૂચનાત્મક નિશાની કરી માહિતી અપાય તો જ જાનમાલ હાનિમાંથી બચી શકાય**

પૂર અંગે શહેરનાં નિષ્ણાંતો ઈજનેર ડૉ. મહેશ દેસાઈ સાથે થયેલી ચર્ચા મુજબ પૂર અટકાવવા માટે નદીમાં કરવાની ડ્રેજીંગની વાત તૂત સમાન છે. ડ્રેજીંગ કેટલું કરવું તેનું આયોજન નથી. પરંતુ હાલની સ્થિતિ જોતાં કતારગામથી ડુમસ સુધીનાં નદીનાં પટને ૩૦ ફુટ ઉંડો કરવો પડે જે અંદાજે ૧ હજાર ફુટ જેટલો પહોળો રાખવો પડે અને લગભગ ૧૬ કિ.મી. જેટલું ડ્રેજીંગ કરવું પડે. આ ડ્રેજીંગને કારણે નિકળનાર માટી અબજો ઘન મીટર થાય તેને ક્યાં નાંખવી તે પણ એક વિકટ પ્રશ્ન ઉદ્દભવે. ડ્રેજીંગની વાત સ્વિકારવામાં આવે તો રાંદેરનો વીયર કમ કોઝવે નિકળી જાય અને તે નિકળી જાય તો સુરત શહેરને પાણીનો પણ મોટો પ્રશ્ન ઉભો થાય. આ બધા પ્રશ્નોનાં ઉકેલ માટે ચર્ચાઓ વિચારણાઓ હાથ ધરી શહેર તથા આજુબાજુનાં વિસ્તારને ફરીથી પૂરની અસરથી બચાવી શકાય નહી. પરંતુ ડૉ. દેસાઈનાં મતે જે જે વિસ્તારોમાં પૂરનાં પાણી આવ્યાં હતાં. તે

**આ વેળાના પૂરના પાણી એક ફૂટ વધ્યાં હોત તો ૨૦ દિવસ સુધી પીવાના પાણીનો પ્રશ્ન નડત**

તે વિસ્તારોમાં પૂરનાં લેવલનું સર્વે કરી જાહેર જનતા સમજી કે તે રીતે જે તે વિસ્તારનાં નદી ઉપરનાં પુલ ઉપર સૂચનાત્મક નિશાનીઓ કરી તેની સઘળી માહિતી પૂર અસરગ્રસ્ત વિસ્તારોનાં અગ્રણીઓ, સામાજીક સંસ્થાઓ, પાલિકા કે ગ્રામ પંચાયતની ઓફીસોમાં આપવાથી નાગરિકો સમજી શકશે કે પુલ ઉપરનાં પાણીનું લેવલ કેટલું બનાવે છે અને તે લેવલથી પોતાનાં વિસ્તારમાં પૂરનાં પાણી પ્રવેશશે કે નહી અને પ્રવેશશે તો કેટલા ફુટ સુધી આવશે તે મુજબ જે તે વિસ્તારનાં લોકો અગાઉથી જોખમી જગ્યાઓ ખાલી કરી અન્ય સ્થળે સ્થળાંતર થઈ શકે. પૂરમાં લોકોનાં નુકશાન અને સરકારી તિજોરી ઉપર પડતો બોજો અટકાવવો હોય તો સરકારે અને પાલિકાએ સર્વે કરાવી આવા આયોજન કરવાં જ પડશે. અન્યથા પૂરનાં પાણી સાથે લોકોની માલ- મિલ્કતો પણ પાણીમાં જ જશે.

ગત માસનાં પૂર દરમ્યાન જો એકાદ ફુટ જેટલું પણ પાણી વધારે આવત તો સુરત શહેરને સૌથી મોટી આપત્તિ પીવાનાં પાણીની અને તે પણ ઓછામાં ઓછા વીસ દિવસ સુધી નડતે કારણે રાછા વોટર વર્કસ ખાતે પૂરનાં પાણીનું લેવલ વોટર વર્કસનાં પગથીયાઓ સુધી પહોંચ્યું હતું. જે દોઢથી બે ઈંચ જેટલું પાણીની અંડર ગ્રાઉન્ડ ટાંકીઓથી નીચે હતું. જો પાણીની ટાંકીઓમાં પૂરનાં પાણી ભરાઈ ગયાં હોત તો પાણીની ટાંકીઓ ખાલી કરાવી, સાફ કરી જંતુમુક્ત થયા બાદ જ તેમાં પાણી ભરી શકાત જેમાં ઓછામાં ઓછા ૨૦ દિવસનો

પૂર અસરગ્રસ્ત

સમાં
સુરત
પૂરન
કામઃ
ડૉ.
આવ
અબ
નહી

1998-10-19

ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ

સોમવાર તા. ૧૯મી ઓક્ટોબર, ૧૯૯૮

# આપત્તિના એંધાણ વૈશ્વિક નિષ્ણાંતોની મદદથી પૂર નિયંત્રક આયોજન નહીં થાય તો, સુરતને ભવિષ્યે તબાહીમાંથી ઉગારી શકાશે નહીં

-ભદ્રશંકર પંડયા

## હવામાનનાં વર્તારાથી માંડીને ઉકાઈની સપાટી અને અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ અત્યંત જરૂરી

1998-11-15

# સુરતના પૂર-પ્રલયની સુનાવણી પહેલાં જ નિષ્ણાંતોના પંચની નિમણૂંક કરવા માંગ

['ગુજરાતમિત્ર'ના પ્રતિનિધિ તરફથી]

સુરત, ગુરૂવાર: તાજેતરમાં આવેલી પૂર હોનારત કુદરતી નહીં પણ માનવ સર્જીત હોવાનું જણાવી સરકાર સહિત તમામ જવાબદારો સામે પગલાં લેવા દાદ માંગતી હોશંગ મિરઝા, એડવોકેટ મનીષ પટેલે ગુજરાત હાઈકોર્ટમાં કરેલી જાહેર હિતની અરજીના સંદર્ભે આજની સુનાવણી દરમ્યાન શ્રી મનીષ પટેલે સુરતના નિષ્ણાત મનાતા એસ. વી. આર. એન્જીનીયરીંગ કોલેજના ભૂતપૂર્વ પ્રોફેસર શ્રી એમ. ડી. દેસાઈના અભિપ્રાયને ટાંકી નિષ્ણાતોનું કોર્ટ કમિશન કરવા વિનંતી કરી હતી. હાઈકોર્ટે આ વધારાની વિનંતીનો સ્વીકાર કરી શ્રી હોશંગ મીરઝા અને શ્રી મનીષ પટેલની જાહેર હિતની અરજીની સુનાવણી તા. ૧૯-૧૧-૯૮ પર મુલત્વી રાખી હતી.

## મનીષ પટેલ અને હોશંગ મીરઝાની જાહેર હિતની અરજીમાં રજૂ કરાયેલો સુધારો: વધુ સુનાવણી ૧૯મીએ થશે

શહેરની તબાહીનું કારણ બનનાર ઐતિહાસ પૂર એ કુદરતી નહીં પણ માનવસર્જિત આપત્તી હતી એમ જણાવી ગુજરાત સરકાર અને અધિકારીઓ સામે કડક પગલાં ભરવા શ્રી હોશંગ મીરઝા અને શ્રી મનીષ પટેલે [બંને વ્યવસાયે વકીલ] ગુજરાત હાઈકોર્ટમાં દાદ માંગતી અરજી કરી હતી. આ અરજીની સુનાવણી દરમ્યાન શ્રી મનીષ પટેલે ગુજરાત હાઈકોર્ટની સમક્ષ એસ. વી. આર. એન્જી. કોલેજના માજી અધ્યાપક અને નિષ્ણાંત પ્રો. એમ. ડી. દેસાઈનો અખબારમાં પ્રસિધ્ધ થયેલો અહેવાલ રજૂ કર્યો હતો શ્રી દેસાઈએ પોતાના અભિપ્રાયમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે સુરતના પૂર માટે સંચાલનનો અભાવ વધારે જવાબદાર હતો. તેઓએ ગેરવહીવટ પર ધ્યાન કેન્દ્રીત કરી સૂચન પણ કર્યું છે કે ડેમનો વહીવટ સંપૂર્ણપણે મલ્ટી ડિસ્કીપ્લીનરી બોર્ડને જ સોંપવો જોઈએ. શ્રી દેસાઈએ વ્યક્ત કરેલા અભિપ્રાયમાં જણાવ્યા મુજબ પાણીની આવકનું ટાઈમટેબલ જોતાં એવું સ્પષ્ટપણે જણાઈ આવે છે કે જો સુરત જિલ્લા કલેક્ટર અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને આગોતરા અસરકારક પગલાં ભર્યા હોત તો સૂરત શહેરની આ કરૂણાંતિકા નિવારી શકાય હોત. શ્રી દેસાઈના અભિપ્રાયને નિષ્ણાંતનો અભિપ્રાય ગણાવી શ્રી મનીષ પટેલે તેમની સુધારા અરજીમાં જણાવ્યું છે કે પાળા અને ડ્રેજીંગ બંને અને નદીની પૂર વહન ક્ષમતા વધારવા ખૂબ જ જરૂરી છે. શ્રી પટેલે આ સમગ્ર બાબત ટેક્નીકલ હોવાથી આ અંગે નિષ્ણાતોની પેનલ દ્વારા કમિશન કરાવી તપાસ કરાવવાની માંગણી કરી છે. નિષ્ણાતોની પેનલ માટે તેમણે [૧] ડૉ. જે. એન. પટેલ સુરત [૨] ડૉ. એમ. વી. ગોહીલ અમદાવાદ [૩] ડૉ. એમ. એન. સુધાર [સુરત] [૪] ડૉ. કે. સુબ્રમણ્યમ [કાનપુર], [૫] ડૉ. પી. જે. મહેતા [રાજકોટ], [૬] ડૉ. એન. એચ. મોદી [રાજકોટ], [૭] ડૉ. પી. વી. ડીપોલીકર, [૮] પ્રો. આર. એન. ઇંગલ [નાગપુર], [૯] શ્રી આર. એમ. ખંતસુરીયા [પૂના], [૧૦] ડૉ. સી. બી. શદિ [પૂના], [૧૧] પ્રો. બી. એસ. પંડેસરવરા [મદ્રાસ], [૧૨] ડૉ. વૈદ્યરમણ પી. પી. [પૂના] વગેરેના નામો અદાલત સમક્ષ રજૂ કર્યા છે.

ગુજરાત હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિ શ્રી બાલાકિષ્ણન તથા ન્યાયમૂર્તિ શ્રી કાદરી સાહેબની ડિવિઝન બેંચે આ સુધારા અરજી દાખલ કરી હતી. રાજ્ય સરકાર વતી ઉપસ્થિત રહેલા ગુજરાત રાજ્યના એડવોકેટ જનરલ શ્રી જે. એમ. ઠાકોરે સરકાર પક્ષે જવાબ રજૂ કરવા મુદત માંગી હતી અને બંને પક્ષકારોએ પણ મુદતની માંગણી કરતા સુનાવણી માટે તા. ૧૯-૧૧-૯૮ નક્કી કરવામાં આવી હતી.

રંગત રવિવારની 25/2/99 નવગુજરાત

મૂઠી ઊંચેરા માનવી, અર્થવર્ક ફાઉન્ડેશન એન્ડ ગ્રાઉન્ડ એન્જિ.

# ડૉ. મહેશભાઈ ડી. દેર

સુરત શહેર અને જિલ્લાએ રાષ્ટ્રને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અભૂતપૂર્વ કામગીરી બજાવનારી વિભૂતિ આપી છે. સમાજમાં કેટલીક વ્યક્તિઓ એવી જોવા મળે છે કે જેઓ માત્ર પોતાની પ્રવૃત્તિમાં જ જીવનભર મગ્ન રહે છે. પ્રચાર અને પ્રસિદ્ધિ એમને ક્યારે પણ સ્પર્શતી નથી, રાજકારણ અને વ્યવહાર જીવનની આંટીઘૂંટીથી સંપૂર્ણપણે અજાણ એવી વિભૂતિઓ માત્ર સ્વમાનને સહારે જ પોતાનામાં રહેલી શક્તિઓને પ્રદર્શિત કરે છે. શહેરના સમૃદ્ધ કહી શકાય એવા 'સિટી લાઈટ' રોડ પોતાના નાનકડા પણ નયનરમ્ય નિવાસસ્થાનના એક ઓરડામાં કે જ્યાં હવે પોતાની ઓફીસમાં એક સજ્જનને મળવાની તક પ્રાપ્ત થઈ. એ મહાનુભાવ વ્યક્તિ તે સુરતની એસ.વી.આર. એન્જિનિયરિંગ કોલેજમાં આશરે ૨૫ વર્ષ સુધી સોઈલ એન્જિ. એન્ડ ટેકનોલૉજી ક્ષેત્રે સેવા આપીને નિવૃત્ત અને તે પણ સ્વેચ્છાએ નિવૃત્ત થયેલા ડો. મહેશભાઈ ડી. દેસાઈ.

ડો. મહેશભાઈને ગુજરાત અને ભારતમાં એન્જિનિયરિંગ ક્ષેત્રે સૌ કોઈ ઓળખે છે. મહેશભાઈનો જન્મ ૩૦ એપ્રિલ, ૧૯૩૬ના દિને નવસારીમાં ડાહ્યાભાઈ દેસાઈને ત્યાં ઓદિચ્ય બ્રાહ્મણ કુટુંબમાં થયો. પિતાજી ડાહ્યાભાઈ તે જમાનાના ડિપ્લોમા એન્જિનિયર થયેલા અને ૪૦ વર્ષ સુધી વલસાડ પંચાયતમાં સેવા આપી હતી. મહેશભાઈનો કુટુંબ વડલો ખૂબ ઘેઘૂર હોવાથી અને ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી પ્રારંભના દિવસો કસોટીપૂર્ણ રહ્યા છે. સાત બહેન અને બે ભાઈઓના વિશાળ કુટુંબમાં હોવા છતાં માતા-પિતાના સંસ્કારનો વારસો એ એમના જીવનની મોટી મૂડી ગણે છે. કુટુંબ તરફથી બે વસ્તુ મળી એક તો ચારિત્ર્ય અને બીજી પ્રમાણિકતા. કોઈપણ સંજોગોમાં પોતાના ચારિત્ર્યને નુકસાન ન થાય તે જોવું અને સાથે જીવનનો વ્યવહાર પ્રમાણિકતાથી ચલાવેલો.

ડો. મહેશભાઈ એકવડા બાંધાના, માથા ઉપર વિદાય લઈ રહેલા આછા વાળ અને આંખ ઉપર ચશ્મા સાથે સામેની વ્યક્તિ ઉપર સાદાઈ, સંયમ અને સરળ વ્યક્તિત્વની મનભાવન છાપ જરૂર ઉપસાવે છે. બાળપણ વલસાડની હાલર રોડની પ્રાથમિક શાળામાં અને હાઈસ્કૂલ જીવન બાઈ આંવાબાઈસ હાઈસ્કૂલમાંથી પસાર કરી વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં અભ્યાસમાં જોડાયા. વડોદરા શહેરમાં પાંચ રૂપિયા ભાડેથી રૂમ રાખી પાંચ વર્ષ ત્યાં રહી અભ્યાસ કર્યો. અભ્યાસ દરમિયાન પણ જાણે અજાણે સંઘર્ષમાં આવવું પડે એવા બનાવો બનતા રહ્યા. મહેશભાઈ છેલ્લા વર્ષમાં હતા ત્યારે મહાગુજરાતના આંદોલને રાજ્યમાં વેગ પકડ્યો હતો, અંતિમ વર્ષના વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે એટલે સનત મહેતા સાથે સંઘર્ષમાં આવ્યા. વિદ્યાર્થીઓને હડતાળ ઉપર ન જવા વિનંતી કરી પહેલે દિવસે માત્ર એકલા અટૂલા અને પછી તો સંખ્યા વધતી જ ગઈ. ઈ.સ. ૧૯૫૮માં એમણે વડોદરાની એમ.એસ.યુનિ.માંથી બી.ઈ. (સિવિલ)ની પદવી પ્રાપ્ત કરી.



પદવી મળ્યા પછી તરત જ મહેશભાઈને પહેલી નોકરી તે વેળાના મુંબઈ રાજ્યમાં પબ્લિક વર્ક ડિપાર્ટમેન્ટમાં મળી. આ કામગીરીમાં ઉકાઈ ડેમ અને પનસેટ ડેમના પ્રોજક્ટ ઉપર સંશોધન, બાંધકામ, ડીઝાઈન અને કન્ટ્રોલની અનેકવિધ જવાબદારીઓ સોંપવામાં આવી હતી. સંપૂર્ણ પછાત એવા ઉકાઈના વિસ્તારમાં જીવન જેવી કોઈ જ પ્રવૃત્તિ ન હતી. આ કામગીરીમાં મજૂરો સાથે માટીનો બંધ બાંધવાની કામગીરી પણ શીખવવાની હતી. અભ્યાસ દરમિયાન જેનો ક્યારે પણ મહાવરો ન હોવા છતાં રાત-દિવસ આ કામગીરીમાં ખોવાઈ ગયા, આ દરમિયાન આર. ડી. વ્યાસનો સહકાર અને માર્ગદર્શન પ્રાપ્ત થયા. સરકારી ખાતાની અનેક પ્રકારની વિશિષ્ટતાઓ પચાવી ન શકનાર, સ્વમાન જ જીવન છે એમ માનનારા મહેશભાઈએ ઈરીગેશન ડિપાર્ટમેન્ટમાં સ્વચ્છાએ રાજીનામુ આપ્યું. ત્યાર બાદ બે વર્ષ સુધી સેન્ટર વોટર એન્ડ પાવર કમિશન, દિલ્હીના રીસર્ચ વિભાગમાં માટીના સંશોધનમાં પ્રોજેક્ટ સલાહકાર તરીકે ફરજ બજાવી. ૧૯૬૬ના અંતમાં નવી દિલ્હીની કેનાલ ડાયરેકટર ઓફિસમાં ડેપ્યુટી ડાયરેકટર તરીકેની નિમણૂક મળી અને યમુના નદીના આડબંધની ડિઝાઈનના કાર્યમાં ઝંપલાવ્યું. આ પદ ઉપર માંડ એક વર્ષ કામ કર્યું, ત્યાર પછી સી.એસ.એમ.આર.એસ. નવી દિલ્હીના ડેપ્યુટી ડાયરેકટર પદે ૧૯૬૯ સુધી કાર્ય કર્યું. આ દરમિયાન વિવિધ ડેમના સંશોધન પ્રોજેક્ટ, સંશોધન અને સ્ટાફ ટ્રેઈનિંગ, પબ્લીક સેકટરના ફાઉન્ડેશન પ્રોજક્ટમાં સફળ કામગીરી કરી. ૧૯૬૯ના ગાળામાં સુરતની એસ. વી. આર. એન્જીનિયરીંગ કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા અને ત્યાંથી જ સ્વેચ્છાએ નિવૃત્ત થયા આ કોલેજમાં પ્રોફેસર, હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટરના અધ્યક્ષપદે રહ્યા.

**જો ડૉ. દેસાઈના અભ્યાસપૂર્ણ સૂચનોનો સ્વીકાર થયો હોત અને તેના ઉપર વિચારણા થઈ હોત તો સુરત શહેરે ૧૯૯૪ તથા ૧૯૯૮ના પૂરની જે પરિસ્થિતિ અનુભવી તેમાંથી અચૂક છૂટકારો મળ્યો હોત. હજુ પણ મોડું થયું જ નથી**

વ્યક્તિ ■ મહેશ કોન્ટ્રાક્ટર

ડો. મહેશભાઈને કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા પછી પણ વધુ અભ્યાસ માટે સતત સંશોધન પ્રવૃત્તિમાં ખોવાયેલા જોવા એ પણ આનંદની ક્ષણો હતી. પોતે જાતે માર્ગદર્શન મેળવી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તેઓ પ્રથમ ડોકટરેટની પદવી મેળવનારા છે. આ પદવી મેળવવામાં પણ અનેક સંકટો અને સંઘર્ષ આવ્યા પોતે એમ.ઈ.ની ડિગ્રી મેળવી ન હોઈ બેચલર થી સીધા પીએચડીની કામગીરી માટે વિરોધો અનેક આવ્યા. મિત્રો પણ આવ્યા છતાં ખંત, પ્રમાણીકતા નિષ્ઠાનો ત્રિવેણી સંગમ અને તે વેળાના કુલપતિ વી. આર. શાહની હૂંફ અને માર્ગદર્શનથી ૧૯૭૨માં ડોકટરેટ બન્યા.

ડો. મહેશભાઈ પાસે પોતાના વિષયની સંપૂર્ણ જાણકારી છે, સંશોધન અને શિક્ષણની કામગીરીની સાથે સાથે વિષયની તન્મયતા સાંધી અનેક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પરિષદો અને એન્જિનિયરિંગની જર્નલોમાં પોતાના અભ્યાસપૂર્ણ સ્ટડી પેપર્સ રજૂ કર્યા છે. જેમાં હૈફા, ઈઝરાયેલ ખાતે મળેલી ત્રીજી એશિયન રીજીયોનલ કોન્ફરન્સમાં દરિયાઈ માટીનું સંશોધન, બેલ્જીયમમાં મળેલી ઈન્ટરનેશનલ હાર્બર કોંગ્રેસમાં કંડલા બંદરની જેટીના મુવમેન્ટના કારણો અને તેનું નિવારણ શી રીતે થઈ શકે તે માટેની મહત્વની કામગીરી પાર પાડી હતી. આ ઉપરાંત નવી દિલ્હીની ત્રીજી ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન એન્ડ સિમેન્ટ બિલ્ડીંગ મટીરીયલ્સમાં ફલાયએસ ફેરોસિમેન્ટ બિલ્ડીંગ એલીમેન્ટ લોકોસ્ટ હાઉસિંગ આઈ.એમ.ટી.ઈ.ના ૧૩મા વાર્ષિક સંમેલનમાં સિવિલ એન્જિનિયરિંગ માટે આવતા દાયકાની વ્યૂહ રચના, અનંતપૂર ખાતે લો કોસ્ટ હાઉસિંગની રૂફિંગ મટીરીયલ્સ તરીકે ફેરોસિમેન્ટ અને ગુજરાત માટે પર્યાવરણનો ભય અને વોટર રિસર્ચ મેનેજમેન્ટ દ્વારા તેનું નિવારણ જેવા અનેક વિષયોનો સમાવેશ થાય છે.

મહેશભાઈ ૧૯૭૦થી સુરતના ઈજનેરીક્ષેત્ર તથા વિકાસ અને શહેરીકરણને કારણે ઉભા થતાં અનેક જટિલ પ્રશ્નો જેવા કે ટ્રાફિક, પાણી

1999-02-28

ટાઈમ્સ

## કન્સલ્ટન્ટનાં વડા

# ...ાઈ

...રવઠો, પાળા યોજના અને ખાસ વિશેષ પુરના સમયે ઉકાઈ બંધ અંગે પોતાના જ્ઞાન, અનુભવ અને ચિંતનનો લાભ આપતાં જ રહ્યા છે, વર્તમાનપત્રો અને ટીવીના પ્રસારણ ઉપરાંત પ્રદુષણ, નિવારણ માટે કોલસાની રાખમાંથી બાંધકામ સામગ્રી, ઈંટ બનાવવાની ટેકનોલોજી, મકાન બાંધકામ માટેના પાયાની નવીન પદ્ધતિઓ, માટીની ઈજનેરી આકરણી આધારિત બાંધકામ માટેનું વાતાવરણ, તે માટેનાં સાધનો, પોચી માટી ઉપર રસ્તાનું બાંધકામ વગેરે ક્ષેત્રે સંશોધન કરી માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે, સુરત અને તેની આસપાસનાં વિસ્તારમાં વિસ્તરેલા

**પોતે જાતે માર્ગદર્શન મેળવી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તેઓ પ્રથમ ડૉક્ટરેટની પદવી મેળવનારા છે. આ પદવી મેળવવામાં પણ અનેક સંકટો અને સંઘર્ષ આવ્યા પોતે એમ.ઈ.ની ડીગ્રી મેળવી ન હોઈ બેચલર પછી સીધા પીએચડીની કામગીરી માટે અવરોધો અનેક આવ્યા**

કોઈ વિવિધ ઉદ્યોગોએ તેનો ભરપૂર લાભ લીધો છે, સુરતમાં ભાગ્યે જ કોઈ 'હાઈ-રાઈઝ' બિલ્ડીંગને તેમના સલાહ સુચન અને માર્ગદર્શન ન મળ્યા હોય. મહાવીર હોસ્પિટલથી માંડી રીલાયન્સ કે ક્રિભકો સુધીની કંપનીઓજે કંઈ પ્રોજેક્ટ ઉભા કરવા શક્ય ન હોય તેને મહેશભાઈના માર્ગદર્શનથી ઉકેલી શક્યા છે.

ડૉ. મહેશભાઈ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ માટીની ચકાસણી માટેની સ્ટાન્ડર્ડ કમિટિમાં તેર જેટલા વર્ષો માટે સતત ચૂંટાઈ આવ્યા છે, એટલું જ નહીં પણ સતત તેમનું માર્ગદર્શન ઉપયોગી નીવડ્યું છે, એમનું નામ રાષ્ટ્રીય કક્ષા માટેની નિષ્ણાતોની યાદી (હુઝ હુ) માટે પણ પસંદગી પામ્યા છે.

એમના વિચારો કેટલાં દૂરંદેશીપૂર્ણ અને લાંબુ જોનારા છે તેનો એક દાખલો નોંધનીય છે, અગિયાર સપ્ટેમ્બર ૧૯૭૮ એટલે કે એકવીસ વર્ષ પહેલાં નર્મદા યોજના માટે સુરત જેસીસના પરિસંવાદમાં તેઓએ કહ્યું હતું કે નર્મદા યોજના રાજકીય વિવાદમાં ફસાઈ ગઈ છે, મધ્યપ્રદેશમાં નર્મદા યોજના સામે ઉભું કરાયેલું આંદોલન રાજકીય હિતથી પ્રેરિત છે. હરણફાળ અને જળસિદ્ધિ બંધો બાંધવાથી જેટલી જમીન ડૂબાણમાં જવાની છે તેટલી જ જમીન નવાગામ બંધમાં જવાની છે.' આજે જ્યારે નર્મદા યોજનાની કામગીરી ફરી શરૂ થઈ છે ત્યારે તેઓની આગાહી સાચી પડતી જણાય છે.

૧૯૭૯થી તેઓ સતત આ શહેરના પાણી અંગે ચિંતિત છે, વરસાદને કારણે શહેરના ક્યા ક્યા વિસ્તારોમાં પાણી ભરાય જાય છે તેની મોજણી થવી જોઈએ, આ પાણીના નિકાલ માટે પૂરી વ્યવસ્થા વિચારવી રહી, ઉકાઈમાં જે જનરેટર ચાલે છે તેને ચલાવવા માટે પાણી છોડતાં તે કાકરાપાર થઈને સુરત તરફ આવે છે. પાળા યોજનાથી પાણી અટકી જશે તેમ લાગતું હતું તેથી વરાછાથી ઉમરા સુધીની પાળાની યોજના બની છે, હાલમાં સુરતમાં જે અભુતપૂર્વ રેલસંકટ આવ્યું તેને માટે પણ તેઓનું દીર્ઘદ્રષ્ટિએ પુરનું સત્ય નિહાળ્યું હતું. તે સમયે ૧૯૭૯માં તેઓએ અખબારને જણાવ્યું હતું કે ઉકાઈ ડેમ બંધાવાથી સુરતના માથેથી કંઈ પૂરનો ભય કાયમ ની રીતે દૂર થયો નથી, ઉકાઈ ડેમમાંથી જરૂરીયાત મુજબ પાણી છોડવામાં આવે અને તે સમયે દરિયામાં ભરતી હોય અથવા ઉપરવાસમાં જો સતત વરસાદ ચાલુ હોય તો એ પાણી શહેરમાં ઘૂમી આતંક ફેલાવી શકે અને તેમાં માનવ ખુવારીનો આંક નાનો તો ન જ હોય. ઉપરવાસમાં જો ભારે વરસાદ પડે તેને કારણે ૮.૫ લાખ ક્યુસેક્સ પાણી છોડવામાં આવે તો હોપપુલ પાસે પાણીની સપાટી ૯૮ ફુટની ઉપર જાય. જો ૧૦ લાખ કે તેથી વધુ ૧૫-૧૭ લાખ ક્યુસેક્સ પાણી છોડવામાં આવે તો હોપપુલ પાસે સપાટી ૧૦૪ને પણ વટાવી જાય. વધુમાં પૂરથી રક્ષણ મેળવવા માટે જે સંરક્ષણ દિવાલ (પાળા) બાંધવામાં આવ્યા છે તેને કારણે નદી સાંકડી બની છે, અને એમ થતાં પાણીની સપાટી વધવાનો ભય રહેલી છે, આ માટે તેઓએ નમ્રભાવે સુચન કરતાં જણાવ્યું હતું કે શહેરના વિવિધ વિસ્તારોના ઉંચાણ અને નિચાણવાળા વિસ્તારોનું સર્વેક્ષણ કરી ભૂતકાળમાં ક્યાં કેટલું પાણી ભરાયું હતું તેને આધારે માર્કીંગ કરવું. પાળા યોજનાની સફળતા કે નિષ્ફળતા માટે સર્વેક્ષણ કરવું. આ માટે રાજકારણ નહીં પણ માનવકારણને ધ્યાનમાં રાખવું અને લાંબા ગાળાની યોજનાઓ ઘડવી જોઈએ. જો ડો. દેસાઈના અભ્યાસપૂર્ણ સૂચનોનો સ્વીકાર થયો હોત અને તેના ઉપર વિચારણા થઈ હોત તો સુરત શહેરે ૧૯૯૪ તથા ૧૯૯૮ના પૂરની જે પરિસ્થિતિ અનુભવી તેમાંથી અચૂક છૂટકારો મળ્યો હોત. હજુ પણ મોડું થયું

અનુસંધાન પાન ૭ પર

૨૮-૨-૧૯૯૯ ■ રવિવાર • 5

સંગત રવિવારની

### વ્યક્તિ

પાના ત્રણનું ચાલુ

જ નથી. આજ જ્યારે પ્રો. દેસાઈ નિવૃત્તિ પછી આવાં અનેક સામજિક અને સહકારી પ્રવૃત્તિમાં જોડાય છે ત્યારે લાંબા ગાળાની યોજના બનાવી એમના સૂચનો સલાહ અને માર્ગદર્શનનો ઉપયોગ કરવો રહ્યો.

ડો. દેસાઈને એમના વિષયની અભૂતપૂર્વ કામગીરી માટે અનેક એવોર્ડ અને પારિતોષિક પ્રાપ્ત થયા છે. ૧૯૬૮-૬૯માં રેડિયો હઝીઝ પ્રાઈઝ અને તે જ વર્ષે જી. એસ. ઈન્સ્ટ્રુમેન્ટેશન પ્રાઈઝ પ્રાપ્ત થયું છે. ૧૯૬૯-૭૦માં ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા ઈમ્પોર્ટ, સબસ્ટીટ્યુશન એવોર્ડ પ્રાપ્ત થયો છે, ૧૯૭૨માં ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જિનિયરિંગ તરફથી મેરિટ સર્ટિફિકેટ ૧૯૭૦ અને ૧૯૯૧માં ભાઈકાકા પારિતોષિક સરદાર પટેલ યુનિવર્સિટીને ઉપક્રમે મળ્યા છે. ૧૯૭૯માં હરી ઓમ આશ્રમ રીસર્ચ એવોર્ડ બદલ સુવર્ણચંદ્રક મેળવવાના યશભાગી બન્યા છે, આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી તરફથી શ્રી કાંટાવાલા હરિ ઓમ આશ્રમ ગોલ્ડ મેડલ પણ પ્રાપ્ત થયાં છે, આ ઉપરાંત વિશિષ્ટ એન્જિ. ડિઝાઈન માટે પ્રમાણપત્રો, પારિતોષિકો મળતાં જ રહ્યા છે.

સુરતના રેલ, પ્લેગ અને પર્યાવરણનાં અનેક પ્રસંગોએ વર્તમાનપત્રોમાં લેખ દ્વારા, પરિસંવાદોમાં ચર્ચા દ્વારા અનેક સંસ્થાઓમાં વ્યાખ્યાન દ્વારા પોતાના વિચારો નિર્ભિકપણે પ્રગટ કર્યા છે, જેનો સંગ્રહ કરી તેના ઉપર વિચારણા થાય તો સરવાળે ફાયદો નગરજનોને જ છે. આજે પણ સુરત મનપા, એસ્સાર, રીલાયન્સ, ઓ.એન.જી.સી., એન.ટી.પી.સી., એન.ડી.ડી.બી., જી.આઈ.ડી.સી., એલ્કોન, દલાલ કન્સલ્ટન્ટ તથા સુગર ફેક્ટરીઓ (કાસંબા, ચલથાણ, વલસાડ, પંડવાઈ) વિગેરે તેમનો સંપર્ક સાધી જરૂરી સુચનો મેળવી રહ્યા છે.

તેઓ આજે પણ માને છે કે સુરત પર આવેલા રેલસંકટો માનવસર્જિત છે અને આ વિષચક્ર કોઝવે ભવિષ્યમાં આપણા શહેરને માટે અભિશાપ બને છે, હજુ પણ સમય છે, એમને સાથે રાખી સુરત મનપા, ગુજરાત સરકારે આ શહેરના પૂર-નિયંત્રણનો, પ્રદુષણનો અને પ્લેગ જેવી મહામારીનો ઈતિહાસ ફરી ન સર્જાય તે માટે વાર્તા, વિચાર અને વર્તનમાં જોડાવું રહ્યું.

ડો. દેસાઈ નિરાભિમાની, સ્વમાની, પ્રસિદ્ધિથી દૂર રહેનારા, સ્ફટીક જેવા વ્યક્તિત્વના સ્વામી છે, પરિવારમાં પોતાને ત્યાં દિકરીઓ જ છે, અને જાણીતા વિચારક ગુણવંતભાઈ શાહના વિચારોમાં શ્રદ્ધા વ્યક્ત કરતાં કહે છે કે! દરેક પિતાને એક વિનંતી છે. દીકરી માટે વર્ષ દરમિયાન બે ત્રણ કેઝ્યુઅલ લીવ અનામત રાખવી, ભવિષ્યે ઘરડાં ઘરમાં કદી જવું નહીં પડે.

ડો. શાહ દેશ-પરદેશનાં અનેક મુલાકાતો લઈ ચૂક્યા છે, યુનાઈટેડ કિંગડમની યુનિવર્સિટીમાં વ્યાખ્યાન માટે ૧૯૭૯માં જઈ આવ્યા પછી ૧૯૮૫માં આંતરરાષ્ટ્રીય પરિષદના તથા સાનફ્રાન્સીસકો પણ જઈ આવ્યા છે, ૧૯૯૦માં ફરી યુ.કે. જઈ એન્જી. મટીરીયલ્સ, બ્હીરક્સ વગેરેના અનુભવ પૂરા પાડ્યા છે. ગુજરાત સરકાર અને ભારત સરકાર એમના જ્ઞાન, અનુભવ, સિદ્ધિને ધ્યાનમાં લઈ કોઈ એવોર્ડથી સન્માને તે એમાં કશું પણ વિશેષ નથી; એમનું સન્માન એટલે સામાજીકોનું સન્માન. ડો. દેસાઈ વધુને વધુ કાર્યરત રહે. પોતાના સિદ્ધાંતોને વળગી પ્રવૃત્તિમાં સફળતાઓ પામે એવી શુભેચ્છાઓસહ. ■

Panasonic Tele Lab Sarfaraz momin 470713
water 23.4.99

सत्यमेव जयते

**CENTRAL WATER COMMISSION**

TAPI DIVISION, SURAT

*cordially invites you on the occassion of*

## "WATER RESOURCES DAY-1999"

***at 7.00 P.M. on Friday, 23rd April***

**Dr. S.N.Suthar, Prof. of Civil Eng.Deptt.**

**(S.V.R. College of Engg. & Technology, Surat)**

***will preside over the function***

**Dr. M. D. Desai**

**Prof. of Applied Mechanics (Retd.)**

**(S.V.R. College of Engg. & Technology, Surat)**

***has kindly consented to be the Chief Guest***

***Venue :***
***Office premises,***
***Opp. Kshetrapal Health Centre,***
***Sagrampura, Surat-2.***

***R. K. Singh***
***Executive Engineer***

1999-05-15

ડેમનું સમારકામ કેમ ના થયું? શા માટે પાણી ૩૫૧ ફૂટ સુધી સમાય એવી કાળજી ના લેવાઈ?

# સૂરતમાં પૂરસંકટ સરકારના મોળા અભિગમ અને ઉકાઈ ડેમના અધિકારીઓના ડફોળપણાને કારણે સર્જાયું હતું!

વિયર કમ કોઝવેનો તૂટેલો કાંઠો ચોમાસા પહેલા રિપેર નહીં થાય તો નદીનું વહેણ બદલાશે અને હજીરા માર્ગ બંધ થઈ જશે! : તજ્જ્ઞ ઈજનેર મહેશ દેસાઈ ભવિષ્યમાં પૂર પરિસ્થિતિ ના સર્જાય તે માટે ગટર યોજના સહિતના ઉપાયો સૂચવે છે

(પ્રતિનિધિ) સુરત,તા.૧૪

સપ્ટેમ્બર- ૧૬- ૧૭- ૧૮, ૧૯૯૮ના ત્રણ દિવસ લોકમાતા તાપી નદીનાં ભયાનક પૂરની ભૂતાવળ હજી ઉભી જ છે. સુરત શહેર અને તાપી નદીનાં કાંઠાં વિસ્તાર છાપરા ભાઠા, વરીયાવ, ગણેશપુરા, અમરોલી, કોસાડ, ઉત્રાણ અને મોટાવરાછાના વિસ્તારો સમુદ્રનો ભાગ બની ગયા હતા. લાખો લોકોને કરોડો રૂપિયાનું નુકશાન થયું. રાજય સરકારે કંઈક અંશે મદદ કરી તેનાથી વધુ મદદ સ્થાનિક સંસ્થાઓ, ટ્રસ્ટ, મંડળો, જાયન્ટ્સ, લાયન્સ ગ્રુપ ઉપરાંત સખાવતી દાતાઓએ અંગત રીતે પણ પૂર અસરગ્રસ્તોને યથાશક્તિ સહાય આપી પાણીમાં ખંપી ગયેલા માણસોને બેઠા કરવા યોગદાન આપ્યું.

સપ્ટે- ૧૯૯૮નું પૂર કુદરતી કરતાં માનવ સર્જીત વધુ હોવાનું જણાવાયું છે અને આ સ્થિતિમાંથી બહાર નિકળવા સરકારે કે પાલિકાએ લીધેલા પગલાં પુરતા નથી. સરકારી તંત્રો હજુપણ આળસ ખંખેરી કાર્યવાહી કરે તો ભવિષ્યમાં તાપીનાં પ્રકોપથી બચી શકાય તેમ છે. આવેલા પૂર અને આવનારા પૂર અંગે સાવચેતી દાખવવા કેટલાંક સૂચનો શહેરના તજજ્ઞ ઈજનેર ડૉ. મહેશ દેસાઈએ એક મુલાકાતમાં જણાવ્યા છે. સપ્ટે- ૯૮નાં પૂરની સ્થિતિ અંગે તેમણે કરેલા અભ્યાસ અને સ્થળ પરની મુલાકાતો દ્વારા કાઢેલા તારણો મુજબ સુરતને પૂરની કોઈ અસર થાત નહી!

ગુજરાત સરકારે મહારાષ્ટ્ર સરકારના તાપી કાંઠા ઉપર આવેલા કેટલાક કિસાનોની સાવચેતી અને મહારાષ્ટ્ર સરકાર સાથે સંબંધો નહી બગાડવાના અભિગમને પરિણામે શહેર- જિલ્લાની પ્રજાના સવાસો કરોડ

અનુ. પાન ૩ પર

## પૂરસંકટ

પાન છેલ્લાનું ચાલુ

રૂપિયાનું ધોવાણ થયું છે. તાપી નદી ઉપરનાં ઉકાઈ જળાશયની જળ સમાવવાની ક્ષમતા ૩૪૫ ફૂટ સુધી સામાન્ય છે. પરંતુ આ જળાશયમાં ૩૫૧ ફૂટ સુધી જળ સમાવાઈ શકાય છે. જે હાઈફલડ લેવલ ગણાય છે. ત્યારે ૩૪૦ ઉપરથી પાણી ૩૪૫ ફૂટ સુધી પહોંચ્યું ત્યાં સુધી સરકારી તંત્રો ઉંઘતા રહ્યા તે ખુબજ ગંભીર બાબત છે. સપ્ટેમ્બર-૯૮માં ડેમ સલામત નથી તેવી અફવા ફેલાઈ હતી તો તેનું સમારકામ કેમ થયું નહતું? શા માટે ૩૫૧ ફૂટ સુધી પાણી સમાવી શકાય તેવી કાળજી લેવાતી નથી? શું જળાશયનું કે પાળા યોજનાનું મે- જુન માસ દરમિયાન નિયમિત પણે ઈન્સ્પેકશન, ચેકીંગ અને રીપેરીંગ કામ થતું નથી? આ કામગીરી ચોમાસા દરમ્યાન પણ કરવી ફરજીયાત છે તે થતી નથી? આવા રીપેરીંગ પૈકી વીયર કમ કોઝવે તરફનો તુટેલો વેડ તરફનો કાંઠો વરસાદ પહેલાં રીપેર નહી થાય તો વીયર કમ કોઝવે બાજુમાં રહી જશે અને નદીનો વહેણ બદલાઈ જવાની શકયતા છે. તેવી રીતે મંગદલ્લા પુલનો પશ્ચિમ દિશાનો ભાગ નદીના વહેણ બદલવા સાથે નદીનો ભાગ બની ઓ.એન.જી.સી.નો અને હજીરા તરફનો વાહન વ્યવહાર બંધ કરી દે તેવી શકયતા છે.

તાપી નદીનાં ઉદ્ભવ સ્થાન મધ્યપ્રદેશના મુલતાઈ ગામથી ધરણી, જલગાંવ, ભુસાવળ, નંદરબાર બાદ ગુજરાતનું ઉકાઈ મથક આવે છે. વચ્ચેના આ અંતરમાં ૧૨ જગ્યાએ વાયરલેસ સેટ હોય છે. જે પાણીની તમામ સ્થિતિ દર્શાવતા હોય છે. મુલતાઈ ગામથી ઉકાઈ જળાશયમાં પાણી આવતા ૭૦ કલાકનો સમય લાગે છે. સપ્ટે- ૯૮માં હોસંગાબાદના કલેકટરે અને કેન્દ્ર સરકારના સંરક્ષણ ખાતાએ પણ ઉકાઈ જળાશયને પૂરની સ્થિતિ અંગેની જાણકારી આપી દીધી હતી. પરંતુ ઉકાઈ જળાશયના અધિકારીઓની બેદરકારીએ વિનાશ નોતર્યો હતો. અને તાં. ૧૫મીથી છોડવામાં આવેલું પાણી ૬ થી ૬.૫ ક્યુબીક ફીટ પર સેકન્ડ નહી પરંતુ ૮.૫ થી ૯ ક્યુબીક ફીટ છોડાયું હોવાનું હોપ બ્રીજની સપાટી ઉપરથી જણાયું.

સુરત શહેર જિલ્લામાં થયેલા પૂરને કારણે કેટલીક વીમા કંપનીઓએ પોતાના દાવા ચૂકવવા સામે હવે એવી પણ ઓફર કરી છે કે ઉકાઈ જળાશયમાં પાણીની સપાટી ૩૪૦ ફૂટથી નીચે રહેતા વીજ ઉત્પાદનમાં થતી રૂા. બે કરોડની ખોટ ભોગવવા તેવો તૈયાર છે. પરંતુ પૂરને કારણે વળતરના કરોડોના દાવા ચૂકવવા તેમના માટે અઘરા છે.

ઉકાઈથી સુરત શહેરમાં પાણી આવતાં પાંચ કલાકનો સમય જાય છે. જે જનતાને જાગૃત કરવા માટે અપૂરતો ગણી શકાય પરંતુ ભવિષ્યને ધ્યાને લઈ હવે શહેર અને આજુબાજુના નીચાણવાળા વિસ્તારોમાં ગટર યોજના મુકવી જોઈએ અથવા તો પુરાણ કરી ઓછામાં ઓછુ પુરનું પાણી ભરાય તે માટે પુરાણ કરવાં જોઈએ જેથી પૂર આવ્યા બાદ રોગચાળાની દહેશતને પણ અટકાવી શકાય. શહેર અને આજુબાજુના વિસ્તારોનો તમામ કચરો જૂન માસના અંત સુધીમાં દૂર કરી તેનો યોગ્ય નિકાલ કરવો જરૂરી છે. તેની સાથે સાથે શહેરની ગટરો દ્વારા નદીમાં ઠલવાતા પાણીને પૂરની સ્થિતિમાં ગટરો દ્વારા જ શહેરમાં પાછું આવતું રોકવા માટે ગેટ મુકવાની આવશ્યકતાને પણ પાલીકાએ ધ્યાને લેવી જરૂરી છે. જ્યારે અમરોલી છાપરાભાઠા તરફના કાંઠાઓ ઉપર ધોવાણ વધુ થયું હોવાથી તેનું સમારકામ નહી થાય તો પાણીનું વહેણ અને પૂરની અસર અમરોલી તરફ વધારે રહેશે.

રાંદેર- જહાંગીરપુરાના કાંઠા વિસ્તારોમાં રેતી કાઢવાથી નદીના પટનું લેવલ દરીયાની સપાટી કરતાં ૪ થી ૫ મીટર થયું છે. તે ખુબજ જોખમી છે. ૧૯૬૮ની સાલમાં +૧, +૨ અને +૩ મીટરની દરીયાની સપાટી કરતાં ઉંચાઈ હતી તે હવે ડ્રેજીંગને કારણે માઈનસ સપાટી થઈ છે. તે અંગે પણ સરકારે ઉંડાણ પૂર્વક તપાસ કરવી આ તબક્કે જરૂરી બને છે.

1999-07-22

# Could the floods have been prevented?

**BASANT RAWAT**
SURAT, JULY 22 (99)

WERE last year's floods man-made? The opinion has steadily gained ground since September 1998, with even the Central Water Commission, a government body, subscribing to the theory.

"We had forewarned (the Ukai dam authorities) about the heavy rainfall in the Tapi catchment areas", claimed CWC executive engineer R K Singh. But no one apparently listened.

Before it can release water from the dam, the authorities have to seek the government permission. Though the Flood Control office was sounded out, prompt decisions were not forthcoming. The file moved from one office to another, in which time the reservoir level, too, kept rising.

Two factors could have contributed to the dam authorities' complacency: the illogical idea that floods do not happen after September 15, and the equally unfounded reservation against raising the Ukai dam height beyond 345 feet, though it was designed to go up to 355 ft. The last is vouched for by dam expert Mahesh Desai, who was associated with its construction.

## After The Floods

The Ukai authorities began releasing water when it touched 339 ft, saying they couldn't risk the safety of the dam. "If that was the case, why wasn't the dam repaired in the past 10 months?" asks Desai.

According to Area Development Commissioner (Irrigation) J O Chaudhary and Superintending Engineer Ukai Circle (Civil) Y A Dave, however, the dam doesn't need repairs. However, they admit that the government is considering increasing the reservoir's height.

"But we can't divulge the proposed height; it's still being finalised.", they say.

Admitting that the dam height would be raised, Municipal Commissioner G P Mahapatra says that two meetings, which were attended by civic officials as well, have been held in this regard in Delhi and Gandhinagar.

The decision will cost the government dearly. "Once it's established the 1998 floods were man-made, insurance companies — which have paid crores of rupees in compensation to the affected — might challenge the government in court", says Desai.

Incidentally, before the Ukai dam was built in 1970, South Gujarat was subject to alternate droughts and floods. Subsequently, floods became a totally controlled phenomenon, possible only when the gates at Ukai dam are opened.

In a public interest litigation, one K K Desai has pleaded that the responsibility for that crucial decision be vested with an expert committee comprising representatives of industry and the civic body, who can "anticipate and calculate the rainfall" at the Tapi catchment area.

At present, the decision to open the floodgates is taken at Gandhinagar, where the flood control authorities monitor 200-odd big and small dams in the State.

*(On Monday: What the civic and district authorities have done so far)*

**Instead of staying indoors, the entire city was out on the roads with**

1999-07-25

# Ready for floods, say officials

EXPRESS NEWS SERVICE
SURAT, JULY 25 (99)

ARMED with a 'Disaster Management Plan', which was conceived and delivered after the September 1998 floods, the civic and district authorities claim to be "better prepared" for any seasonal eventuality this year.

**After The Floods**

After being roundly criticised for not informing the dam authorities of the possibilities of disaster well in advance — a charge the Central Water Commission vehemently denies — the CWC has installed 18-odd wireless stations in the upper stream of the Tapi. The civic body, on its part, has fixed 15 sluice regulators on the storm water drainage disposal point to prevent the inflow of river water into the drainage system.

The decision to set up sluice regulators dates back to 1994 — predictably, after another major flood — but it was never implemented till the civic authorities came in for sharp criticism last year. Apart from installing the sluice gates, the SMC has purchased 25 motorised boats.

To promote better co-ordination with district authorities and the city police, mock drills have been organised and apart from six SMC zones, control rooms have been set up in the collectorate and police headquarters, along with a flood monitoring cell.

Based on the 1994 and 1998 floods, the authorities have prepared detailed maps, co-relating the water level at Hope bridge to areas likely to go under water. The plan contains detailed information about the areas to be evacuated and where their residents may be moved.

Talking to *Express Newsline*, the CWC executive engineer told *Express Newsline* that new wireless stations in Madhya Pradesh would help measure rainfall in the Tapi catchment area. "The dam authorities will be informed well in advance about the volume of water coming to reservoir", he said.

Apart from installing an "adequate warning system" and increasing the rain gauge, civic officials, said Municipal Commissioner G P Mahapatra, have been sensitised about their duties; they have been told "who is to do what" in case of flood.

All zonal officers have been given instructions. Lists of officers, employees who have to remain present at the time of the emergency have also been prepared. The SMC has also prepared a list of machinery and equipment for flood-affected areas.

*(Tomorrow: Making moves)*

...drop of the Kargil conflict, these veterans are not...

1999-07-27

# Dredging machines fall prey to politics

EXPRESS NEWS SERVICE
SURAT, JULY 27

JUST as moving slum-dwellers out of the river-bed was one plan that never saw the light of the day, the purchase of dredging machines was another. Strangely enough, the very same elected wing

## After The Floods

that set aside Rs 4 crores for the purpose was the one that cried off, pleading that it was "a costly exercise" well beyond its means!

After the plan of buying the machinery from Alang was shelved, however, the elected wing and civic engineers insisted that the "over-" river *had* to be dredged to increase its water-carrying capacity. Since the civic body could not bear the expense, the State government had to, they said.

"The question is who will do it; after all, it involves millions of rupees", says city engineer K M Parekh. City mayor Bhikhabhai Boghra agrees, "If the SMC tried to do it, our entire budget would prove unequal to the task."

Former Standing Committee chairman Ajay Choksi suggests the SMC allocate a fixed amount for the purpose every year. "Dredging is absolutely necessary. The black cotton soil layer, which has accumulated over the years at the bottom of the river, has reduced the

TURN TO PAGE 3

river's percolating capacity considerably. As a result, salinity is on the rise", he says.

Noted dam and soil expert M D Desai, however, doesn't believe the river should be dredged.

"The river-bed level has been the same since 1968", he says.

"If it's dredged, the river banks will collapse. As it is, sand contractors are removing sand from the river-bed anyway."

Claiming that he was the one who persuaded the civic chief to drop the idea of dredging the river, Desai says it was the mouth of the river that needed to be dredged, not the river itself.

State Water Resources Minister Narottam Patel, however, disagrees with Desai.

"He says strange things that I can't comprehend, though I'm a civil engineer too", he says, adding that though dredging was very expensive, the government would try to earmark some funds for it next year.

(To be concluded)

1999-09-18

સરદાર સરોવર અને ઉકાઈ ડેમ છલકાય તો આશ્ચર્ય નહી

# વરસાદનું છેલ્લું ચક્ર હવે શરૂ થશે; અને દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ પડશે: ડૉ. મહેશ દેસાઈ

## દક્ષિણ ગુજરાતમાંથી વાદળો સૌરાષ્ટ્ર ભણી જશે અને ત્યાંય પુષ્કળ વરસાદ પડશે, પરંતુ એ વાદળા રાજસ્થાન ભણી ફંટાશે તો ત્યાં ઝીંકાશે

(પ્રતિનિધિ) સુરત, તા.૫

ચોમાસાની ઋતુની પ્રથમ વર્ષા બાદ અદ્રશ્ય થઈ ગયેલા વરસાદે રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં દુકાળની સ્થિતિ પેદા કરી છે; ભર ચોમાસે આજે લોકો પીવાનાં પાણી માટે ભારે સંઘર્ષ કરી રહ્યા છે. પશુઓ ઘાસ પાણી વિના ટળવળી રહ્યા છે. હવે હિઝરતનો સમય નજીક આવતો જાય છે. ક્યાંક ક્યાંક છુટા છવાયો વરસાદ વરસે છે. પરંતુ ચોમાસાનો પાક નિષ્ફળ ગયો છે. આવા માહોલમાં વરસાદની સ્થિતિ જાણવા માટે હવામાન ખાતાનાં તજજ્ઞ ડૉ. મહેશ દેસાઈનો સંપર્ક શોધીમાં ડૉ. દેસાઈએ જણાવ્યું છે કે વર્ષા ઋતુમાં વરસાદ, સુકુ વાતાવરણ, બાદમાં વરસાદ અને સુકા વાતાવરણ પછી ત્રીજા ચક્રમાં વરસાદ અને ઠંડી સાથે શિયાળાનો પ્રારંભ થાય છે. જ્યારે આ વર્ષે વર્ષા ઋતુનાં તુટેલા વરસાદ- સુકા વાતાવરણમાં એક સ્ટેજ નિકળી ગયું છે. અને આ ચોમાસાનાં બે ચક્રમાં હવે છેલ્લું ચક્ર વરસાદનું બાકી રહે છે. બાદમાં શિયાળાની શરૂઆત થશે. જેનો કાશ્મીરમાં હવેથી પ્રારંભ થઈ ગયો છે. કાશ્મીરમાં હાલ રાત્રિનું તાપમાન ૧૦-૧૨ સેન્ટીગ્રેડ રહેવા લાગ્યં છે.

વરસાદના ચક્ર અંગે ડૉ. દેસાઈએ જણાવ્યું છે કે વરસાદ પડવા માટે હાલ સ્થિતિ સામાન્ય બનતી જાય છે. કેરાલા રાજ્યથી શરૂ થયેલો વાદળનાં વરસાદ એક અઠવાડિયામાં મુંબઈ તરફ અને તે પછીના ગાળામાં દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડશે જેનું પ્રમાણ વધુ રહેવાની શક્યતા છે. ઉત્તર પૂર્વનાં અને દક્ષિણ પશ્ચિમનાં વાદળો અરબી સમુદ્ર ઉપર ભેગા થતાં વરસાદનું પ્રમાણ વધારે રહેશે. જ્યારે નાગપુરમાં ગરમી વધારે રહેશે તો તાપી નદી અને નર્મદા નદીમાં મૂળ મધ્યપ્રદેશમાં વધારે વરસાદ પડવાથી બન્ને નદીઓનાં સરદાર સરોવર અને ઉકાઈ સરોવર છલકાઈ જશે. તે ૧૯૯૮નાં સપ્ટેમ્બર માસની તા. ૧૬-૧૭-૧૮ હતી ત સમયગાળો જ રહેવાની શક્યતા ૧૯૯૯માં પણ છે જ.

વાદળોનાં ફંટાવાની દિશામાં જો કોઈ ફેરફાર નહી થાય તો દિવસમાં સૌરાષ્ટ્ર કચ્છમાં માજેતરો વરસાદ સારો રહેશે. પરંતુ જો વાદળો દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર બાજુ જવાને બદલે રાજસ્થાન બાજુ ફંટાઈ જશે તો સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તાર કોરો રહી જશે અને રાજસ્થાનમાં વિપુલ વરસાદ પડશે.

વરસાદ સાથે દક્ષિણ ગુજરાતમાં ઉકાઈ જળાશયની સ્થિતિ અંગે ડૉ. દેસાઈએ જણાવ્યું કે હાલમાં ઉકાઈને જળસપાટી ૩૩૧ ફુટ જેટલી છે. સરકારશ્રી સેટેલાઈટ ચિત્રોના ઘનિષ્ઠ અભ્યાસ કરી અગમચેતી વાપરશે તો તાપી નદીનાં કાંઠા વિસ્તારના અને ખાસ કરીને સુરત આજુ બાજુના વિસ્તારો ફરીથી સપ્ટેમ્બર ૧૯૯૮નો મધ્ય ભાગ ફરીથી નહી બને. કારણકે ઉકાઈ જળાશયમાં ૩૪૫ ફુટ નહી ૩૫૧ ફુટ સુધી પાણી સમાવવાની ક્ષમતા છે. તો પણ ૩૪૭ ફુટ સુધી લઈ જઈ પ્રતિ સેકન્ડે ૪ લાખ ઘનફુટ પાણી છોડવામાં આવશે તો પૂરની સ્થિતિ સામાન્ય રહેશે. જ્યારે નર્મદા નદીમાં સ્થિતિ ગંભીર બનવાની શક્યતા છે કારણકે સરદાર સરોવરની ઊંચાઈ બાદ મધ્યપ્રદેશનું વરસાદનું પાણી નર્મદા નદીમાં ભારે પૂરની સ્થિતિ પેદા કરશે.




PILOT GAUGE - DISCHARGE CURVE FOR SINGANPORE WEIR.
( TO BE IMPROVED WITH MEASURED Q - GAUGE POST 1999 )

FOR CONV. TO CUSECS MULTIPLY Q CUMECS X 35·20

EF GE CONSULTANTS
DR. M. D. DESAI
PH. 225686 DEC 1999


SMC/99/WEIR/G.Q/03
NOTE- • DANGER LEVEL @ HOPE RL. 9.5(Q=15000 m³/Sec., 5.3 L CUSCES)
• CORR. WEIR GAUGE LEVEL 11·5 M AS DANGER LEVEL FOR SAME AFFECTED AREA.
EFGE CONSULTANTS
DR. M. D. DESAI
PH. 225686
SINGANPORE WEIR
G.Q CURVE 27-5-99
Qt+1500 M³/Sec.=Qt
1060 (H)^3/2
WEIR SINGANPORE
X RL OF WL IN M
Qt →
0 2 4 6 8 10 12 14 16 18 20 22 24 26 28 30 X 10³/M³/Sec.(cumec)
6 7 8 9 10 11 12 13 14 15 16
X
H
X-6
RL.6
Weir
PILOT G.Q. CURVE FOR WEIR GAUGE
PROPOSED BY DR. M. D. DESAI ON BASIS OF THEORY, FIELD DATA & 1998 FLOOD

SMC/99/WEIR/G.0/0.6




| Flood : Studies (1998) for 22260 m³/sec. * | 1998 | Observed | | 1994 (0) | |
|---|---|---|---|---|---|
| | HFL Hope | 11·5 M | — | 9·9 M | 5·96 X 10$^5$ Cusecs 16·9 X 10$^3$ Cumecs |
| | HFL Weir | 13·9 M | — | 10·65 M | |
| | HFL Amroli | 15·9 M | — | 19·40 M @ Ghala | |

Flood for HFL weir 13·9 → 9 L Cusecs.
Flood for HFL Hope 11·5 8 L Cusecs.

*Flood (Weir) 13·5 M for 22260 Cusecs.
12·4 M for 19820 Cusecs.

FLOW-FLOOD LEVEL (a) HOPE BRIDGE & SINGAN PORE WEIR DEVELOPED BY DR. M. D. DESAI ON BESIC OF AVAILABLE RECORDS. (EF GE R & D PROJ.)


DRG./SMC/DRED/06/1999
NOTES: SAFE DISTANCE TO PERMIT DREDGING OF SAND IN BED (OPERATING TO DEPTH UPTO CLAY STRATA) = 1:5 (F.S.) X 2857 4285 FROM APRON OF WEIR U/S.
THE WORTEX OR FALL OF WATER IN SUBSEQUENT FLOODS COULD DESTABILIZE SAND BELOW STRUCTURE, ENDANGERING SAFETY WEIR.
THE SAFETY OF WEIR W.R.T. SEEPAGE PRESSURE WILL BE REDUCED AND MAY BECOME CRITICAL UNDER LOW TIDE.
BED LEVEL
DESIGN OF WEIR
MULTI MEDIA
MAY 1986
EFGE CONSULTANT
DR. M.D. DESAI
PH. 228656
SAFE M/N DIST. 4285 M
DREDING TO RL-11
DREGING TO RL-8
SAND
SW SM
SILT & CLAY
825
STABILITY OF STRUCTURE WITH TRAFFIC LOAD WITH LOSS OF SUPPORT (PASSIVE PRESSURE) WILL NEED EXAMINATION. SLIP CIRCLE ANALYSIS)
LOSS OF PASSIVE PRESSURE (FINITE SLOPE) COULD CAUSE LATTERAL STRAIN, PIPING & BOILING IN ALLUVIAL STRATIFIED DEPOSITS.
TOP OF RIVER
FRL
SLOPE OF WEIR
C/C FLOOR
FILLED SAND
WC BLOCK
APR.
RIVER BED SW SM SAND
R.L. IN M
6.00
4
2
0.0
-2
-4
-6
-8
-10
0.000
1000
2000
3000
4000
5000